આજનો સુવિચાર

સજ્જન પુરૂષો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી દે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૪૯ જૂનાગઢ તા.૧૩-૨-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ભારત, પાકિસ્તાન, અફઘાનીસ્તાનમાં ભયાનક ભુકંપની આગાહી

(દિલ્હી બ્યુરો)નવી દિલ્હી,તા. ૧૩

તુર્કીમાં મૃતદેહોનો ઢગલો કરનાર ભૂકંપની આગાહી નેધરલેન્ડના એક સંશોધક દ્વારા ત્રણ દિવસ પહેલા કરવામાં આવી હતી. આ ડચ સંશોધક ફ્રેન્ક હૂગરબીટ્સે હવે ભારત સહિત અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની આસપાસ પણ મોટા ભૂકંપની આગાહી કરી છે.

૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ નો દિવસ. એટલે કે તુર્કીમાં ૬ ફેબ્રુઆરીએ આવેલા ભૂકંપના બરાબર ૩ દિવસ પહેલા. ડચ સંશોધક ફ્રેન્ક હૂગરબીટ્સે આગાહી કરી હતી કે તુર્કી અને સીરિયામાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવી શકે છે. તે સમયે લોકોએ તેની વાતને ગંભીરતાથી લીધી ન હતી. પરંતુ જયારે તુર્કી અને સીરિયામાં ૩ દિવસ પછી જ તીવ્ર ભૂકંપ આવ્યો ત્યારે લોકોને અચાનક ફ્રેન્ક હુગરબીટ્સ યાદ આવી ગયા. આ ભૂકંપમાં અત્યાર સુધીમાં ૩૪ હજારથી વધુ લોકોના મોત થયા છે.

ફ્રેન્ક હુગરબીટ્સે જણાવ્યું કે તે ગ્રહોની ગતિના આધારે ભૂકંપની આગાહી કરે છે. તે સૌરમંડળ જિયોમેટ્રી સર્વે માટે કામ કરે છે. SSGEOS એ એક સંશોધન સંસ્થા છે જે ધરતીકંપની પ્રવૃત્તિનો અંદાજ કાઢવા માટે અવકાશી પદાર્થોનું નિરીક્ષણ કરે છે. જો કે ફ્રેન્કના દાવા ઉપર ઘણા વૈજ્ઞાનિકો પણ સવાલો ઉઠાવી રહ્યા છે. તેમને એવો જ સવાલ પૂછવામાં આવ્યો હતો કે સોશિયલ મીડિયા ઉપર તેમની આગાહીઓ ઉપર શા માટે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

### સિક્કીમમાં ૪.૩, આસામમાં ૪ ની તિવ્રતાનો ભુકંપ

નવી દિલ્હી તા.૧૩ : તુર્કી-સીરીયામાં ભયાનક ભૂકંપથી હજારોના મોત તથા ભારે તારાજીમાંથી વિશ્વને હજુ કળ વળી નથી ત્યારે ભારત સહીતના દેશોમાં ભુકંપનાં હળવા આંચકાનો સિલસિલો જારી રહ્યો છે. ભારતમાં આજે આસામ તથા સિકકીમમાં ભૂકંપનાં બે આંચકા નોંધાયા હતા. સિકકીમમાં પરોઢીયે ૪.૧૫ કલાકે ૪.૩ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

સિક્કીમ યુકસોમ પ્રાંતમાં આ આંચકો હતો જેનું કેન્દ્ર બિન્દુ ૭૯ કીમી દુર માલુમ પડયુ હતું. લોકો બેબાકળા બન્યા હતા અને ધ્રુજારીથી ભયભીત બન્યા હતા. કોઈ જાનખુવારી નથી આ સિવાય આસામનાં નાગાવમાં રવિવારે બપોરે ૪.૧૮ કલાકે ૪ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ ઉપરાંત અફઘાનીસ્તાનમાં આજે સવારે ૬.૪૭ કલાકે ૪.૩ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

### વિદેશી પ્રવાસીઓ માટે ભારત સરકારે કોરોનાનાં નિયમોમાં ફેરફાર કર્યો

નવી દિલ્હી, તા.૧૩: આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે નવા કોવિડ ૧૯ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. ચીન, સિંગાપોર, હોંગકોંગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને જાપાનથી ભારતમાં આવતા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સારા સમાચાર છે. કોરોનાના ઘટતા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ દેશોમાંથી આવતા મુસાફરો માટે કોવિડ-૧૯ ટેસ્ટની અનિવાર્યતા નાબૂદ કરી છે. તે સાથે, 'એર સુવિધા' પોર્ટલ ઉપર ફોર્મ ભરવાની જરૂરિયાત પણ દૂર કરવામાં આવી છે.

નવા નિયમો ૧૩ ફેબ્રુઆરીથી લાગુ થઈ ગયા છે. તેના માટે, કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે નાગરિક ઉડ્ડયન મંત્રાલયના તેમના સમકક્ષ રાજીવ બંસલને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે કોવિડ -૧૯ કેસોમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને 'આંતરરાષ્ટ્રીય આગમન માટેની માર્ગદર્શિકા' અપડેટ કરી રહ્યું છે.

## અમેરીકાએ વધુ ત્રણ અજાણ્યા અવકાશી પદાર્થને તોડી પાડયા

વોશિંગ્ટન તા. ૧૩

અમેરિકામાં ઉડેલા ચાઈનીઝ જાસૂસી બલુનને તોડી પાડવાનો વિવાદ હજું શમ્યો નથી અને ચીને પણ વળતા પગલા લેવાની ધમકી આપ્યા બાદ પણ છેલ્લા ૮ દિવસમાં આ રીતે આકાશમાં ઉડતા ચાર અજાણ્યા પદાર્થ (યુએફઓ)ને અમેરિકી હવાઈદળના ફાઈટર વિમાનોએ તોડી પાડતા હવે આ યુએફઓ કયાંથી આવે છે અને તેનો ઉદેશ પુછે તે પણ પ્રશ્ન પૂછાયો છે અને તેને શાંતિના સમયનું કોઈ 'કૃત્ય' નથી.

તેવું પેન્ટાગોનના અધિકારીઓએ પણ સ્વીકારીને હાલ ચાલી રહેલા રશિયા યુક્રેન યુદ્ધથી લઈને અમેરિકા-ચીન વચ્ચેના વધતા તનાવ ભણી સૌનું ધ્યાન ખેંચાયું છે. ચીનનું સ્પાય બલુન અમેરિકાના આકાશમાં લાંબો સમય રહ્યા બાદ તેને તોડી પડાયું હતું તે બાદ અમેરિકી અને કેનેડાના હવાઈદળે કેનેડાના આકાશમાં ઉડતા એક અજાણ્યા પદાર્થ-યુએફઓને તોડી પાડયું હોવાનું કેનેડાના વડાપ્રધાને સતાવાર રીતે જાહેર કર્યુ હતું તો ગઈકાલે અમેરિકાના પ્રમુખ જો બાઈડનના આદેશથી અમેરીકાનાં લેક હુરોન ઉપર ઉડતા આજ પ્રકારના એક અવકાશી પદાર્થને તોડી પાડવામાં આવ્યો હતો.

## ૨૦૩૫ સુધીમાં ચીન પાસે ૯૦૦ પરમાણુ બોંબ હશે

બૈજીંગ, તા.૧૩ઃ ચાઈના ૨૦૩૫ સુધીમાં તેના પરમાણુ શસ્ત્રોનાં ભંડારને ત્રણ ગણો કરીને ૯૦૦ સુધી લાવવાનું વિચારી રહ્યું છે, કારણ કે તાઈવાન ઉપર યુનાઈટેડ સ્ટેટ્સ સાથે તણાવ વધુ વધવાની અપેક્ષા છે. ક્યોડો ન્યૂઝે આ મામલાની નજીકના સ્ત્રોતને ટાંકીને આ માહિતી આપી હતી. રિપોર્ટમાં ચીની સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા તૈયાર કરવામાંઆવેલી બ્લૂપ્રિન્ટને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને સેના પ્રમુખ દ્વારા મંજૂરી આપવામાંઆવી છે, જેઓ વોશિંગ્ટન સામે બૈજિંગની પ્રતિરોધકતાને મજબૂત કરવા આતુર છે.

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના ડેટાને ટાંકીને ક્યોડો ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે રશિયા પાસે ૫,૯૭૭ પરમાણુ હથિયારછે, જયારે યુનાઈટેડ સ્ટેટ્સ પાસે ૫,૪૨૮ છે. ક્યોડો ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે, ખાસ કરીને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ભૂતપૂર્વ સ્પીકર નેન્સી પેલોસીએ ઓગસ્ટમાં તાઈવાનની મુલાકાત લીધા પછી ચીન અને યુએસ વચ્ચેના સંબંધો વણસેલા છે. એવી આશંકા વધીરહી છે કે તાઈવાન નજીકના ભવિષ્યમાં એશિયા પેસિફિક ક્ષેત્રમાં લશ્કરી ફલેશપોઈન્ટ બની શકે છે, કારણ કે ચીન આ ટાપુને તેના પ્રદેશનો એક ભાગ માને છે. ૧૯૪૯માં ગૃહયુદ્ધને કારણે અલગ થયા ત્યારથી ચીન અને તાઈવાન અલગ-અલગ શાસન હેઠળ છે.

## બાલ ઠાકરેએ વડાપ્રધાન મોદીને બચાવ્યા ન હોત તો તેઓ અહીં સુધી પહોંચી શકયા હોત નહી : ઉધ્ધવ ઠાકરે

મુંબઈ, તા.૧૩ઃ

શિવસેના પ્રમુખ ઉદ્ધવઠાકરેએ ફરી એકવાર ભાજપ ઉપર નિશાન સાધ્યું છે.

ઉદ્ધવે કહ્યું કે જ્યારે તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ 'રાજધર્મ'ની વાત કરી ત્યારે બાળ ઠાકરેએ વડાપ્રધાન મોદીને બચાવ્યા હતા. જો આવું ન થયું હોત તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આટલા દૂર ન આવ્યા હોત. ઉધ્ધવ ઠાકરે કહ્યું કે ભલેહું ભાજપથી અલગ થઈ ગયો છું, પરંતુ મેં કયારેય હિન્દુત્વ છોડ્યું નથી. ઉદ્ધવે કહ્યું કે ભાજપનો મતલબ હિન્દુત્વ નથી. ઉત્તર ભારતીયો જવાબ માંગે છે કે હિન્દુત્વ શું છે ? એકબીજાને નફરત કરવીએ હિન્દુત્વ નથી. શિવસેનાએ ૨૫-૩૦ વર્ષ સુધી રાજકીય મિત્રતાનું રક્ષણ કર્યુ. તેમણે કહ્યું કે હિંદુત્વ એટલે આપણી વચ્ચે હૂંફ. ઉદ્ધવે કહ્યું કે ભાજપને અકાલી દળ, શિવસેના સાથે કોઈ લેવાદેવા નથી.

ઉદ્ધવે કહ્યું કે બાળાસાહેબ ઠાકરેએ જ વર્તમાન વડાપ્રધાનને બચાવ્યા હતા. કારણ કે તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ઈચ્છતા હતા કે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજધર્મનું પાલન કરે, પરંતુ બાળાસાહેબે આ સમયની જરૂરિયાત હોવાનું કહીને દરમ્યાનગીરી કરી હતી. જો એવું ન થયું હોત તો તેઓ (મોદી) અહીં ન પહોંચ્યા હોત તેમ ઉધ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું.

## તૂર્કીમાં પુર્નઃ ૪.૭ની તિવ્રતાનો ભુકંપનો આંચકો : મૃત્યુઆંક ૩૪ હજારને પાર

ઈસ્તંબુલ તા. ૧૩

ભારે તબાહીનો સામનો કરી રહેલા તુર્કીમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તુર્કીના દક્ષિણ-પૂર્વ વિસ્તાર કહરામનમારસમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા રિકટર સ્કેલ ઉપર ૪.૭ માપવામાં આવી હતી. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) એ અહેવાલ આપ્યો છે કે તુર્કીના કહરમનમારસ શહેરથી ૨૪ કિલોમીટર દક્ષિણમાં રવિવારે ૪.૭-તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

આ પહેલા ૬ ફેબ્રુઆરીએ તુર્કી અને સીરિયામાં ૭.૮ની તીવ્રતાનો શકતિશાળી ભૂકંપ આવ્યો હતો. એકાદ-બે દિવસ બાદ પણ અનેક વખત હળવા આંચકા અનુભવાયા હતા. તુર્કી અને સીરિયામાં ગયા સોમવારના વિનાશક ભૂકંપથી અત્યાર સુધીમાં ૩૩,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને હજારો ઘાયલ થયા છે.

### ભારતમાં દર ચારમાંથી ત્રણ વ્યક્તિમાં વીટામીન-ડીની ઉણપ

નવી દિલ્હી,તા. ૧૩ઃ મોટાભાગના યુવાનો 'વિટામિન- ડી' ની ઉણપની સમસ્યાથી પીડાઈ રહ્યા છે અને ટાટાગ્રુપ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં પણ આ ચોંકાવનારૂ તારણ સામે આવ્યું છે. જેમાં ભારતમાં ચારમાંથી ત્રણ લોકોમાં વિટામિન ડીની ઉણપ હોવાનું બહાર આવતા હડકંપ મચી ગયો છે. ત્યારે વિટામીન ડી અને કેલ્શીયમની ઉણપથી બચવા શું કરવું જોઈએ તે અંગે જામનગર ખાતે આવેલી ખ્યાતનામ આયુર્વેદ યુનિવર્સિટીના નિષ્ણાંતાએ માર્ગદર્શન અને ટીપ આપી છે.

### ૯૫ દેશોનાં પ્રતિનિધિમંડળની ઉપસ્થિતિ વચ્ચે

## બેંગ્લોર ખાતે એરો ઈન્ડિયા મેગા-શોનું વડાપ્રધાને ઉદ્‌ઘાટન કર્યુ

(દિલ્હી બ્યુરો)નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેંગલુરૂમાં એરફોર્સ બેઝ યેલાહંકા ખાતે એરો ઈન્ડીયા મેગા શોનું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા. અહીં વડાપ્રધાને કહ્યું કે એરો ઈન્ડીયા માત્ર શો નથી, પરંતુ તે ભારતની તાકાત છે. અગાઉ, વાયુસેનાના વડા વીઆર ચૌધરીએ ઉદ્‌ઘાટન સમારોહમાં ગુરુકુલ રચનાનું નેતૃત્વ કર્યું હતું અને ફાઈટર જેટમાં ઉડાન ભરી હતી.

'આજે આપણી સફળતાઓ ભારતની ક્ષમતા અને ક્ષમતાનો પુરાવો છે. આકાશમાં ગર્જના કરતું તેજસ વિમાન 'મેક ઈન ઈન્ડીયા'ની સફળતાનો પુરાવો છે. ૨૧મી સદીનું નવું ભારત ન તો કોઈ તક ગુમાવશે કે ન તો કોઈ કસર છોડશે. તે સખત મહેનત કરશે અમે તૈયારી કરી રહ્યા છીએ. ભારતે છેલ્લા ૮-૯ વર્ષોમાં તેના સંરક્ષણ ક્ષેત્રને પુનર્જીવિત કર્યું છે. અમે હવે તેને માત્ર એક શરૂઆત ગણીએ છીએ. વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં સંરક્ષણ નિકાસમાં પાંચ ટકા વધારો કરવાનું અમારૂ લક્ષ્ય છે. અબજ ડોલર. ભારત હવે સંરક્ષણ ઉત્પાદક દેશોમાં જોડાવા માટે ઝડપથી આગળ વધશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જયારે કોઈ દેશ નવી વિચારસરણી અને નવા અભિગમ સાથે આગળ વધે છે ત્યારે તેની સિસ્ટમ પણ નવી વિચારસરણી સાથે અનુકૂલન કરવાનું શરૂ કરે છે. આજની ઘટના ભારતની નવી વિચારસરણીને પણ દર્શાવે છે. આજે આ ઈવેન્ટ માત્ર એક શો નથી, તે ભારતની તાકાત પણ છે અને ભારતના સંરક્ષણ ઉદ્યોગના અવકાશ અને આત્મવિશ્વાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

એરો ઈન્ડીયાના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધતા કહ્યું કે આ ઈવેન્ટ એક કારણસર ખૂબ જ ખાસ છે. આ કર્ણાટક જેવા રાજયમાં થઈ રહ્યું છે જે ટેક્નોલોજીની દુનિયામાં વિશેષ નિપુણતા ધરાવે છે. આ ઈવેન્ટ એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે નવી તકો ઊભી કરશે. કર્ણાટકના યુવાનો માટે નવી સંભાવનાઓ ઊભી થશે.

## અદાણી જૂથે રૂા. ૧૦૩૮ કરોડનાં શેર ગીરવે મુકયા

મુંબઈ તા.૧૩

ઓસ્ટ્રેલીયાનાં કોલસાની ખાણ તથા રેલવે પ્રોજેકટ માટે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ વધુ રૂા.૧૦૩૮ કરોડના શેરો બેંકમાં ગીરવે મુકયા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સાથે ધીરાણ કરાર અંતર્ગત આ પ્રક્રિયા કરવામાં આવી છે. અમેરિકી રિસર્ચ એજન્સી હિડનબર્ગના રિપોર્ટ બાદ વિવાદમાં સપડાયેલા અદાણી ગ્રુપે અદાણી એન્ટરપ્રાઈઝનો રૂા.૨૦,૦૦૦ કરોડનો એફપીઓ રદ કરી નાખ્યો હતો.

હવે ૮ ફેબ્રુઆરીએ ગ્રુપે અદાણી પોર્ટનાં ૦.૩૫ ટકા, અદાણી ટ્રાન્સમીશનના ૦.૧૧ ટકા તથા અદાણી ગ્રીન એનર્જીના ૦.૩૮ ટકા શેરો ગીરવે મુકયા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ અદાણી ગ્રુપને ૨૭૦૦૦ કરોડનું ધિરાણ આપ્યું છે. બેંકના ચેરમેને તાજેતરમાં એમ કહ્યું હતુ કે હિડનબર્ગના રીપોર્ટ પછી પણ અદાણી ગ્રુપની રીપેમેન્ટની જવાબદારીમાં ફેર પડયો નથી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની જ પેટાકંપની એસબીઆઈ કેપ ટ્રસ્ટી કંપનીમાં શેર ગીરવે મુકવામાં આવ્યા છે. તે સાથે ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ પેટે અદાણી પોર્ટનાં કુલ એક ટકા, અદાણી ટ્રાન્સમીશનના ૦.૫૫ ટકા તથા અદાણી ગ્રીન એનર્જીનાં ૧.૦૬ ટકા શેર ગીરવે મુકયા છે. સ્ટેટ બેંકનાં પ્રવકતાએ કહ્યું કે ઓસ્ટ્રેલીયન પ્રોજેકટ માટે કંપનીને ૩૦૦ મીલીયન ડોલરનું ધિરાણ મંજુર કરાયું છે સાથે તે પેટે વધુ શેરો ગીરવે લઈને વધારાની જામીનગીરી હાંસલ કરવામાં આવી છે. દર મહિને ધિરાણ સામે જામીનગીરીની સમીક્ષા થાય છે અને ઘટ પડવાના સંજોગોમાં મેળવવામાં આવે છે આ પૂર્વે જુન-જુલાઈમાં પણ ઘટી પડી હતી.

## પાકિસ્તાનમાં મોંઘવારીની ચરમસીમા : ૧ કિલો ચાની ભુકીનો ભાવ રૂા.૧૬૦૦

ઈસ્લામાબાદ,તા.૧૩ઃ આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં મોંઘવારીએ લોકોનું જીવન અત્યંત મુશ્કેલ બનાવી દીધું છે. દેશમાં ચિકન અને મીટની કિંમત કરાચી શહેર સહિત સમગ્ર પાકિસ્તાનમાં ઝડપથી વધી છે. કરાચીમાં ચિકનની કિંમત ૪૯૦ રૂપિયા પ્રતિ કિલો છે. જયારે મીટની કિંમત ૭૨૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. સમા ટીવીએ અહેવાલ આપ્યો છે કે, કિંમતોમાં આ વધારો ફીડની અછતને કારણે ઘણાં પોલ્ટ્રી ફાર્મ બંધ થવાને આરે છે. પોલ્ટ્રી ફાર્મના માલિકોએ આસમાનને આંબી રહેલા ભાવ પાછળનું કારણ ફીડની અછત ગણાવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કરાચીમાં એક કિલો મરઘાનું માંસ ૭૨૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. સમા ટીવીએ અહેવાલ આપ્યો છે કે, રાવલપિંડી, ઈસ્લામાબાદ અને અન્ય કેટલાક શહેરોમાં ચિકનની કિંમત પણ અત્યાર સુધીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, જેમાં એક કિલો મરઘાંનું માંસ ૭૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. આ દરમ્યાન દેશના બીજા સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર લાહોરમાં ચિકન-મીટની કિંમત ૫૫૦-૬૦૦ રૂપિયા પ્રતિ કિલોની વચ્ચે ચાલી રહી છે. આ વધતી કિંમતોને કારણે જે લોકો પ્રોટીનના મુખ્ય સ્ત્રોત તરીકે ચિકન પર આધાર રાખે છે તેવા ગ્રાહકો માટે ચિંતા વધી ગઈ છે.

પાકિસ્તાન અભૂતપૂર્વ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે ચાની ભુકીની કિંમત છેલ્લા ૧૫ દિવસમાં ૧૧૦૦ રૂપિયાથી વધીને ૧૬૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

### પૂર્વ આઈપીએસની બદનામી કરનાર

## ભાજપનાં નેતા, બે પત્રકાર સહિત પાંચની એટીએસએ ધરપકડ કરી

ગાંધીનગર તા. ૧૩

રાજ્યના પૂર્વ IPS અધિકારીને બદનામ કરવા માટે ખોટી એફિડેવિટ વાઈરલ કરનાર બે પત્રકાર અને ભાજપના નેતા સહિત પાંચ લોકોની ગુજરાત એટીએસે ધરપકડ કરી છે. IPS અધિકારી પાસેથી પૈસા પડાવવા માટે થઈને સમગ્ર કાવતરું ઘડ્યું હોવાનું સામે આવ્યું છે. પાંચ આરોપી પૈકી એક આરોપી નેતા મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે.

સ્થાનિક નેતા અને પત્રકારોએ મળી એક મહિલા સાથે દુષ્કર્મ કર્યાની ખોટી એફિડેવિટ કરી હતી. ત્યારબાદ બે પત્રકારોએ પાંચ લાખ રૂપિયા લીધા હતા.

જેમાં એફિડેવિટ વાઈરલ કરવાની અને એફિડેવિટ ન્યુઝ પેપરમાં છપાવવા માટે પૈસા લીધા હતા. ન્યૂઝ મીડિયામાં આવી જાય પછી બ્લેકમેલ કરીને પૈસા પડાવવા કાવતરું રચ્યું હતું.


**તાત્કાલીક વેચવાનું છે**

૧. ડીપ ફ્રીઝ (આઈસ ક્રીમનું/૪૧૦ લિટર)
૨. બોટલીંગ ફ્રીઝ (ડિસ્પ્લે ફ્રીઝ)
૩. ૧.૫ ટનનું A/c.
૪. ૨૨ X ૧૧ રેક (ફિકસ)
૫. મોલને લગતી તમામ આઈટમસ વેચવાની છે

નોંધ : બધી વસ્તુ એક વર્ષ યુઝડ એટલે કે વાપરેલ છે

:: કોન્ટેકટ ::
મો. ૯૮૯૮૪ ૨૩૯૩૨
૭૨૦૨૦ ૭૨૦૧૦

**રોટ... રોટ... રોટ...**

પવિત્ર રજબ મહિના નિમિતે સ્પે. રોટ મળશે. રોજે રોજનું તાજુ

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**કારખાનું વેચવાનું છે**


જૂનાગઢમાં સક્કરબાગની સામે રાજ ટાયરવાળી ગલીમાં લક્ષ્મી ફર્નિચરવાળુ ૮૦૦ વાર ૧૫૦૦૦ સ્કેવેર ફુટ બાંધકામ કોર્નરનું, ત્રણ માળનું, ચાર સાઈડ ખુલી ગોડાઉનને લાયક ઈન્વેસ્ટ કરવા ઈચ્છતા લોકો માટે સોનાની લગડી સમાન

સંપર્ક : ૬૩૫૪૮ ૯૨૩૭૬

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



**લીલાવંતી**
એનો-રેકટલ હોસ્પીટલ

ડો. દિવ્યેશ આર. સાકરીયા
B.A.M.S., K.A.R.D. (Mumbai)
કન્સલટન્ટ પ્રોકટોલોજીસ્ટ
હરસ, ફિશર, ભગંદર અને મળમાર્ગના રોગોના નિષ્ણાંત

• સારવાર •
• ક્ષારસુત્ર થેરાપી • લેસર થેરાપી •
• રબ્બર બેંડ થેરાપી • ઈન્જેકશન થેરાપી •

• ફાયદા •
• મળત્યાગ પરનો કંટ્રોલ ગુમાવવો કે મળમાર્ગ સંકોચવાની શકયતા રહેતી નથી, બીજીવાર થવાની શકયતા રહેતી નથી
હોસ્પિટલમાં લાંબો સમય રોકાણ તથા સંપૂર્ણ આરામની જરૂર રહેતી નથી.

બસ સ્ટેન્ડ પાસે, હિરા-પન્ના કોમ્પ્લેક્ષ, (લીફટની સુવીધા છે) પાંચમા માળે, જૂનાગઢ.

સમય : સવારે ૯-૦૦ થી ૧-૦૦ • સાંજે ૫-૦૦ થી ૮-૦૦

॥ જય દ્વારકાધીશ ॥

**ગજાનન ઈલેક્ટ્રોનીક્સ**
એન્ડ મોબાઈલ એસેસરીઝ



ટીવી, ઘરઘંટી, હોમથીએટર, વોશીંગ મશીન ફ્રીઝ અને મોબાઈલ એસેસરીઝ મળશે.

એકવાર રૂબરૂ મુલાકાત અવશ્ય લેવી

લક્કી ડ્રો યોજનાનો ટુંક સમયમાં પ્રારંભ થશે...

જુના નાગરવાડા, અનંત ધર્માલયના ગેઈટની સામે, જૂનાગઢ. મો. ૮૪૯૦૮ ૧૦૧૧૧, ૭૪૩૩૮ ૮૦૯૯૯

# દ્વારકા અને શિવરાજપુર બીચ વચ્ચે યુવતીઓએ લગાવી તરણ છલાંગ



## ઓપન વોટર સ્વિમિંગ એક્સપીડેશન કાર્યક્રમનું આયોજન સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિયેશન તથા સમસ્ત ખારવા સમાજ પોરબંદર મરીન સિક્યુરિટી ગાર્ડ ક્રિડા ભારતી સૌરાષ્ટ્ર વિભાગ સપોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત અને ટુરીઝમ ડિપાર્ટમેન્ટ ગુજરાતના સહયોગથી વર્ષ ૨૦૨૨ માં સૌરાષ્ટ્રની છ દીકરીઓ તથા ચાર બાળકો સહિત કુલ ૧૦ ખેલાડીઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિચારોને સાર્થક કરવા સ્વચ્છતા અભિયાન ટુરીઝમ ડેવલોપમેન્ટ આધ્યાત્મિક ટુરીઝમ ડેવલોપમેન્ટ અને ખારવા સમાજને રોજગારીની વ્યાપક રીતે સંભાવના ઊભી થાય તેવા ઉમદા હેતુથી હરી થી હર એટલેકે ભગવાન કૃષ્ણની નગરીથી ભગવાન શિવની નગરી દરમિયાન ઓપન વોટર સમુદ્ર ત્રણ એકસપિડેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સફળતા બાદ ગઈકાલે રવિવારે દ્વારકાથી શરૂ શિવરાજપુર બીચ વચ્ચે આશર ૧૫ કી.મી. જેટલું અંતર છે, ત્યાં સુધી રાજકોટની ચાર દીકરીઓ મૈત્રી જોશી, વેનેસા શુક્લ, બાંસુરી મકવાણા તથા પ્રિષાબેન ટાંકે દ્વારકાથી લઈ શિવરાજપુર બીચ ખાતે ઓપન વોટર સ્વિમિંગ એકસપીડેશન કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય પબુભા માણેક, એડવેન્ચર સ્પોર્ટ્સલવર મધુરભાઈ દવે, રાજકોટ સ્વિમિંગ એસોસિયેશન કોચ બંકીમભાઈ જોષી તથા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. સવારે સવા આઠ વાગ્યે દ્વારકા બીચ ખાતેથી ચાર દીકરીઓએ સ્વિમિંગ શરૂ કર્યું હતું. જે બપોરે સવા બાર વાગ્યે શિવરાજપુર બીચખાતે પૂર્ણ થયું હતું.

# દ્વારકામાં યુવતીને છરી તથા કાતર બતાવીને ધમકી આપતા મહિલાઓ સહિત પાંચ સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ દ્વારકામાં રહેતી યુવતીને તેની સાથી મિત્રના પરિવારજનોએ છરી તથા કાતર બતાવી અને ધમકી આપતા આ અંગે દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાં રહેતી રામભાઈ પ્રતાપભાઈ પીઠડીયાની ૨૮ વર્ષની પુત્રી માધુરીબેને નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા શીતલબેન દેવેન્દ્રભાઈ કેર, સંજનાબેન કેર, ધર્મિષ્ઠાબેન જીતુભા માણેક, રાજ મહેન્દ્રભાઈ કેર અને સાગર ચમડીયા નામના પાંચ વ્યક્તિઓ સામે ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ ફરિયાદી માધુરીબેન પોતાની મરજીથી છેલ્લા ચારેક વર્ષથી વિરેન મેપાભાઈ માણેક સાથે રહેતા હતા. વિરેનભાઈના લગ્ન અગાઉ સંજનાબેન, ધર્મિષ્ઠાબેન અને રાજની બહેન સાથે થયા હતા. લગ્ન બાદ ફરિયાદી માધુરીબેન તથા સાહેદ વિરેનભાઈ સાથે રહેતા હતા. તેથી પરિણીતીના માતા-પિતાને આ બાબત સારું ન લાગતાં તેઓ પરિણીતાને પરત તેડી ગયા હતા. ફરિયાદી મધુરીબેન અને વિરેનભાઈ સાથે રહેતા હોય, તે બાબતનો ખાર રાખી, શીતલબેન દેવેન્દ્રભાઈ કેર માધુરીબેનના ઘર પાસે આવતા માધુરીબેન તેમની પાસે જતા તેમની પાસે સાથે આવેલા સંજનાબેન અને ધર્મિષ્ઠાબેન મળી, આ ત્રણેય મહિલાઓએ બિભત્સ ગાળો કાઢી, માર મારી અને શરીરે બટકા ભરી, ઈજાઓ પહોંચાડી હતી. જેથી માધુરીબેને સાહેદ વિરેનભાઈને બોલાવતા તેઓ છોડાવવા આવ્યા હતા. દરમ્યાન સંજનાબેન પાસે રહેલી કાતર કાઢીને તેણીને વિરેનથી અલગ રહેવા ડરાવ્યા હતા. આ ઉપરાંત અન્ય આરોપીઓ રાજ અને સાગરએ આવી અને ઢીકા પાટુનો માર મારી, પોતાની પાસે રહેલી છરી કાઢી અને માધુરીબેનને બતાવી જો તેણી વિરેનને છોડશે નહીં તો જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવવા અંગે દ્વારકા પોલીસે માધુરીબેન રામભાઈ પીઠડીયાની ફરિયાદ ઉપરથી ત્રણ મહિલાઓ સહિત પાંચેય આરોપીઓ સામે આપી છે કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# દ્વારકા જિલ્લામાં નેશનલ લોક અદાલતમાં ૧૬૬૪ કેસનો થયો નિકાલ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નાલસાના એકશન પ્લાન મુજબ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગ હેઠળ શનિવારે જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ પી.એસ. કાલાના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ અદાલતમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ફોજદારી સમાધાન પાત્ર કેસીસ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટની કલમ ૧૩૮ મુજબના ચેક કેસ, બેંક રિકવરી દાવા, એમ.એ.સી.પી. ના કેસ, ઈલેક્ટ્રીસિટીને લગતા કેસ, લેબર તકરારના કેસ, લગ્ન વિષયક તકરારના કેસ, વીજળી અને પાણી બિલના કેસ, કૌટુંબિક તકરારના કેસ, જમીન સંપાદનના કેસ વિગેરેના કોર્ટમાં પેન્ડીંગ તથા પ્રી લીટીગેશન કેસો મળીને એક જ દિવસમાં કુલ ૧૬૬૪ કેસોમાં સમાધાન દ્વારા સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં દાવાની રકમ રૂ. ૩,૫૦,૨૪,૫૮૭ હતી. આમ, લોક અદાલતના માધ્યમથી આ કેસમાં સમાધાન કરાવવાથી લોકોને આર્થિક અને સમયની બચત થાય છે.

# દ્વારકા નજીક બાઈક સ્લીપ થતા પરપ્રાંતિય યુવાનનું કરૂણ મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ દ્વારકાથી આશરે ૧૦ કિલોમીટર દૂર નાગેશ્વર રોડ ઉપર આવેલા અમેઝિંગ ફન વર્લ્ડ ખાતે રહેતા અભિનીત સિયાશરણભાઈ પટેલ નામના ૨૨ વર્ષના યુવાન શનિવારે તેના જી.જે. ૩૭સી. ૨૨૧૮ નંબરના સ્પ્લેન્ડર મોટરસાયકલ પર બેસીને અમેઝિંગ ફન વર્લ્ડ ખાતે આવી રહ્યા હતા ત્યારે ધ્રાસણવેલ ગામ નજીકની ગોલાઈ પાસે પહોંચતા પૂર ઝડપે આવી રહેલા આ મોટરસાયકલ ઉપર બાઈક ચાલક અભિનીતભાઈ પટેલે કાબુ ગુમાવી દીધો હતો અને આ મોટરસાયકલ સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં અભિનીતભાઈને શરીરના જુદા જુદા ભાગોમાં ઈજાઓ થતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેમને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૂળ મધ્ય પ્રદેશ રાજ્યના ઉમરીયા જિલ્લાના માનપુર તાલુકાના સૂર્યપ્રકાશ ભોલાપ્રસાદ ત્રિવેદીની ફરિયાદ ઉપરથી દ્વારકા પોલીસે મૃતક બાઈક ચાલક અભિનીતભાઈ પટેલ સામે જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી કરી હતી.

# જલારામબાપાની પુણ્યતિથિ નિમિત્તે બુધવારે સલાયામાં સત્યનારાયણની કથા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ સલાયા શહેર ભાજપ મહામંત્રી અને રઘુવંશી સમાજના અગ્રણી લાલજીભાઈ ભૂવા દ્વારા જલારામ બાપાની પુણ્યતિથિ નિમિતે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી બુધવાર તા. ૧૫ ના રોજ જલારામ બાપાની પુણ્યતિથિ નિમિત્તે બપોરે ૩ થી ૭ સુધી સલાયામાં લાલજીભાઈ ભુવાના નિવાસસ્થાને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું છે. જેમાં સલાયાના ગ્રામદેવતા શ્રી માધવરાય મંદિરના શ્યામભાઈ દવે કથાનું રસપાન કરાવશે. આ કથા શ્રાવણનો લાભ લેવા પધારવા સલાયાની ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયાના ઈતિહાસમાં પ્રથમ વખત સુરાવલી સંગીત સંસ્થા દ્વારા આજે અનોખો કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ ખંભાળિયાની સામાજિક સંસ્થા સુરાવાલી સંગીત સંસ્થાના ઉપક્રમે સોમવાર તા. ૧૩મીના રોજ અત્રે બેઠક રોડ ઉપર આવેલી નંદ સોસાયટી ખાતે સંગીત કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં સૌપ્રથમ વખત યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં લંડન સ્થિત બ્રિટિશ-ભારતીય સંગીત નિર્દેશક, સંગીતકાર, ગાયક અને, કી-બોર્ડવાદક કવિભાઈ પાંઉ પોતાની આગવી શૈલીમાં ભારતીય શાસ્ત્રીય તેમજ પશ્ચિમી ભક્તિ સંગીત રુપી ગુજરાતી ગીતોનો ભવ્ય કાર્યક્રમ રજૂ કરશે. આ સાથે ખંભાળિયાના જાણીતા કલાકાર જલ્પેશ માંકડ ગુજરાતી તેમજ હિન્દી ગીતોનો રસથાળ પીરસશે. ગાયક કવિભાઈ પાંઉ યુ.કે.ના એક ભજન ગાયક કી-બોર્ડપ્લેયર અને પશ્ચિમી શાસ્ત્રીય સંગીતકાર છે.

છેલ્લા છ મહિના થયા ચેન્નાઈમાં એ.આર. રહેમાનની મ્યુઝિક કોલેજમાં કામ કરે છે. આ માટે અહીંની લોહાણા કન્યા છાત્રાલય ટ્રસ્ટીઓ અને નીખીલભાઈ બરછાના સહયોગ સાથે આયોજનમાં અતિથિવિશેષ તરીકે પીઢ શિક્ષિકા, રોહીણીબેન ઓઝા, ધીરેનભાઈ બદીયાણી, ઉષાબેન તન્ના, ડો. કાશ્મીરાબેન રાયઠઠા અને ડો. નિલેષ રાયઠઠા ઉપસ્થિત રહેશે. આ સંગીત કાર્યક્રમમાં દરેક સંગીત પ્રેમીઓને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

### અમદાવાદના મેડિકલ સ્ટોર્સને આદેશ

# મેડિકલ સ્ટોર્સને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર દવા આપવા ઉપર મનાઈ ફરમાવાઈ

## મેડિકલ સ્ટોર્સમાંથી દવા લઇ જતા દર્દીઓની સંપૂર્ણ વિગતો સાથેની નોંધણી એસીએસવાયએસ એપ્લિકેશનમાં ફરજિયાત કરવામાં આવી છે

અમદાવાદ, તા.૧૩ બેવડી ઋતુ, ઠંડી અને ભેજવાળાં વાતાવરણને લઈને શહેરમાં શરદી, ખાંસી અને તાવના કેસમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. દર્દીઓની સંખ્યામાં વધારો થતાં મેડિકલ સ્ટોર્સમાં પણ દવાઓની માગ વધી છે ત્યારે કોરોનાના નવા વેરિઅન્ટને પગલે ઉધરસ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ, ગળામાં દુઃખાવો, ડાયેરિયા, તાવ સહિતની બીમારીની દવા લેતા દર્દીઓની મેડિકલ સ્ટોરના માલિકે ફરજિયાત નોંધણી કરવાની રહેશે. મેડિકલ સ્ટોર્સના સંચાલકે ACSYS એપ્લિકેશનમાં ફરજિયાત તેની એન્ટ્રી કરવાની રહેશે. તેનું પાલન નહીં કરનારા મેડિકલ સ્ટોર્સના માલિક સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાનો તંત્રએ આદેશ કર્યો છે. જિલ્લાના મેડિકલ સ્ટોર્સમાંથી દવા લઈને સારવાર લેતા લોકોની માહિતી આપવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવી છે. જેમાં મેડિકલ સ્ટોર્સના સંચાલકો માટે સ્પેશિયલ ACSYS એપ્લિકેશન બનાવાઈ છે.

આ એપ્લિકેશનમાં મેડિકલ સ્ટોર્સવાળાએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. દર્દીઓ શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુઃખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરિયા જેવી બીમારીની દવા મેડિકલ સ્ટોર્સમાંથી લઈ જતા હોય છે ત્યારે જો આવા દર્દીઓનો કોવિડ ટેસ્ટ કરવામાં આવે તો સંક્રમણને ફેલાતું અટકાવી શકાય. મેડિકલ સ્ટોર્સમાંથી તાવ, શરદી, ઉધરસ, ગળામાં દુઃખાવો, ડાયેરિયા, શ્વાસ લેવામાં તકલીફ જેવી બીમારીની દવા લેનાર દર્દીનું નામ, સરનામું, ઉંમર, મોબાઈલ નંબર મેડિકલ સ્ટોર્સના સંચાલકે એ સી એ સ વા ય એ સ એપ્લિકેશનમાં ફરજિયાત માહિતી ભરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરમાં અત્યારે બેવડી ઋતુ ચાલી રહી છે, જેના લીધે લોકોના બીમાર પડવાના કેસ પણ વધી રહ્યા છે. વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ ધરખમ વધારો થયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં આવા કેસમાં વધુ ઊછાળો જોવા મળી રહ્યો છે. શરદી, ઉધરસ, તાવ અને ઊલટીના કેસ પણ વધી રહ્યા છે. આવા સંજોગોમાં કેટલાક દર્દીઓ સેલ્ફ મેડિકેશનથી મેડિકલ સ્ટોર્સમાં જાતેજ કેટલીક દવાઓ લઈ લેતા હોય છે આવા સંજોગોમાં પણ ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર સામાન્ય સિવાયની કેટલીક દવાઓ મેડિકલ સ્ટોર્સના સંચાલકોને દર્દીને ન આપવાની સૂચના આપવામાં આવી છે. સિવિલ હોસ્પિટલમાં કોરોનાકાળને પગલે ખાસ ફિવર ઓપીડી ચલાવવામાં આવી રહી છે. કોરોનાના નવા વેરિઅન્ટને પગલે ફિવર ઓપીડીમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. ફિવર ઓપીડીમાં હાલમાં તાવના જેટલા પણ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા મેડિકલ સ્ટોર્સમાંથી દવા લઈ જતા દર્દીઓની સંપૂર્ણ વિગતો સાથેની નોંધણી એસીએસવાયએસ એપ્લિકેશનમાં ફરજિયાત કરવામાં આવી છે.

# ખંભાળિયાની શ્રીનાથજીની હવેલીમાં આજે પાટોત્સવ દર્શન




સદીથી વધુ પ્રાચીન એવી શ્રીનાથજીની હવેલી ખાતે સોમવાર તારીખ ૧૩ મી ફેબ્રુઆરીના રોજ પાટોત્સવ દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શ્રીનાથજીની હવેલીમાં પાટોત્સવ પ્રસંગે સાંજે ૫ થી ૮ દરમિયાન ગોવર્ધન ઉત્સવના દર્શન થશે. જેનો લાભ લેવા હવેલીના મુખ્યાજી દ્વારા સર્વે વૈષ્ણવોને અપીલ કરવામાં આવી છે.

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ ખંભાળિયાના દ્વારકા ગેઈટ વિસ્તારમાં આવેલી આશરે ચાર

# ખંભાળિયામાં બિનવારસુ બળદને પશુ સંસ્થા દ્વારા અપાયો સહારો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩ ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ અને એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બિનવારસુ બળદને આશરો આપી વધુ એક પશુ સેવા કરવામાં આવી છે. ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તે રઝડતા આ બળદને ભાણવડથી એનિમલ એમ્બ્યુલન્સ મારફતે સ્થળાંતર કરી, આ સેવા પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

# આ વર્ષે શનિવારે શની પ્રદોષમા તથા શ્રવણ નક્ષત્રમાં શિવરાત્રી ઉત્તમ

મહા વદ તેરસ ને શનિવાર તા ૧૮.૨.૨૩ ના દિવસે મહાશિવરાત્રી છે. આ દિવસે શની પ્રદોષ પણ ઉત્તમ છે. સાંજે ૫:૪૨થી શ્રવણ નક્ષત્ર પણ ઉત્તમ છે. મહાશિવરાત્રીના દિવસે આઠ પ્રહરની પૂજામાં મુખ્ય રાત્રીના ચાર પ્રહરની પૂજા મહત્વની ગણાય છે.

**રાત્રીના ચાર પ્રહરની પૂજા**

**પહેલા પ્રહર** : મહાદેવજી ઉપર જળધારા કરી અને ચંદન, ચોખા, કમળ, કરેણના પુષ્પ વડે પૂજા કરવી નૈવેદ્યમાં પકવાન ધરાવવો.

**બીજા પ્રહરની પૂજા** : મહાદેવજીને જળ ચડાવી બીલીપત્ર અર્પણ કરવા તથા શ્રીફળ અર્પણ કરવું.

**ત્રીજા પ્રહરમાં** : મહાદેવજીને દુધ તથા જળ ચડાવી ઘઉં તથા આકડાના પુષ્પો અર્પણ કરવા તથા માલ પુવાનું નૈવેદ્ય તથા શાક દાળ ધરાવ્યા બાદ બિલિપત્ર અર્પણ કરવા.

**ચોથા પ્રહરે** : જળ ચડાવ્યા બાદ અડદ, મગ, સાત ધાન્ય ચડાવવા તથા બિલીપત્ર ચડાવવા દૂધના મિષ્ઠાનનું નૈવેદ્ય ધરાવું.

શિવપૂજામાં ત્રણેય ભગવાનની પૂજા આવી જાય છે. શિવલિંગમાં મૂળમાં બ્રહ્મામધ્યમાં વિષ્ણુ અને ઉપર સ્વયં શિવજી છે. આમ શિવલિંગની પૂજા કરવાથી ત્રણેય ભગવાનની પૂજાનું ફળ મળે છે. અલગ-અલગ દ્રવ્યથી મળતું ફળ સંતાન પ્રાપ્તિ માટે ચોખાથી, ધનની પ્રાપ્તિ માટે બિલીપત્રથી, આયુષ્ય વધારવા દુર્વાથી, રાજયોગ માટે ઘીંથી, સર્વ મનોકામના સિદ્ધિ માટે અને નવગ્રહની શાંતિ માટે કાળ તલ, સુખી દામ્પત્ય જીવન માટે સાકરના પાણીથી અને ડાયાબીટીસ જેવી બીમારી દુર ઓછી કરવા શેરડીના રસથી.

**રાશી પ્રમાણે શિવજીની પૂજા**

(૧)મેષ રાશી(અ.લ.ઈ.) : શેરડીના રસથી તથા સુખડીનું નૈવેદ્ય ધરાવવું.

(૨)વૃષભ રાશી(બ.વ.ઉ.) : સાકરવાળા પાણીથી દુખથી પેંડાનું નેવેદ્ય ધરાવવું.

(૩)મિથુન રાશી(ક.છ.ઘ.) : કાળા તલથી તથા દુધથી સકરીયાનો શીરો ધરાવવો.

(૪)કર્ક રાશી(ડ.હ) : દુધથી તથા સાકરવાળા પાણીથી નૈવેદ્યમાં રાજગરાનો શિરો ધરાવવો.

(૫)સિંહ રાશી(મ.ટ.) : ઘી તથા ચણાની દાળથી ચણાની દાળની બનેલ વસ્તુનું નૈવેદ્ય ધરાવવું.

(૬)કન્યા રાશી(પ.ઠ.ણ.) : મધથી તથા દુધથી નૈવેદ્યમાં દુધ પાક ધરાવવો.

(૭)તુલા રાશી(ર.ત.) : શેરડીના રસથી, દુધની મીઠાઇ ધરાવવી.

(૮)વૃશ્ચિક રાશી(ન.ય.) : બીલીપત્ર તથા દુધથી નૈવેદ્યમાં તલની વસ્તુ ધરાવવી.

(૯)ધન રાશી(ભ.ફ.ધ.) : શેરડીનો રસ તથા સાકરવાળુ પાણી, નૈવેદ્યમાં અળદીયા ધરાવવા.

(૧૦)મકર રાશી(ખ.જ) : કાળા તલથી અભિષેક કરવો, માલપૂવા ધરાવી શકાય.

(૧૧)કુંભરાશી(ગ.સ.શ.) : કાળા તલ સાકરવાળુ જળ તથા મધથી અભિષેક કરવો, અડદીયા ધરાવવા.

(૧૨)મીન રાશી(દ.ચ.ઝ.થ) : ઘી તથા દુર્વાથી તથા દુધથી અભિષેક કરવો નૈવેદ્યમાં પીળી મીઠાઈ ધરવી.

નિશીથ કાળ રાત્રે ૧૨:૩૭થી ૧:૨૫ સુધી છે. આ સમયે પણ શિવજી ઉપર રૂદ્રીપૂજા અભિષેક કરાવી શકાય છે અને ઉત્તમ ફળ આપનાર છે.

**ચાર પ્રહરની વિગત** : પ્રથમ પ્રહર સાંજે ૬.૪૫ થી ૧૦.૦૬, બીજો પ્રહર રાત્રે ૧૦.૦૬ થી ૧.૦૭, ત્રીજો પ્રહર રાત્રે ૧.૦૭ થી ૪. ૮, ચોથો પ્રહર રાત્રે ૪.૮ થી ૭.૧૭ સુધી છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# આગામી શૈક્ષણિક વર્ષથી ભૂલકાઓ માટે KGના ત્રણ વર્ગ હશે

ગાંધીનગર, તા.૧૩ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભલામણો સાથે રાજ્યની શિક્ષણ પ્રણાલીને જોડતાં, ગુજરાત સરકાર આગામી શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ પ્રી-સ્કૂલોમાં ત્રિસ્તરીય કિંડરગાર્ટન શિક્ષણ કાર્યક્રમ રજૂ કરશે. સરકારે આ કિંડરગાર્ટન પ્રોગ્રામને 'બાલવાટિકા I, II અને III' નામ આપ્યું છે. બેથી ચાર વર્ષની ઉંમરના બાળકોને બાલવાટિકા વર્ગ Iમાં, ચારથી પાંચ વર્ષની ઉંમરના બાળકોને બાલવાટિકા વર્ગ IIમાં તેમજ પાંચ અને છ ઉંમરના બાળકોને વર્ગ IIIમાં પ્રવેશ આપવામાં આવશે. NEP અનુસાર, બાળકો છ વર્ષના થશે ત્યારે તેમને પહેલા ધોરણમાં પ્રવેશ આપવામાં આવશે. સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે, ત્રિસ્તરીય કિંડરગાર્ટન પ્રોગ્રામના અમલીકરણ સાથે, રાજયની તમામ પ્રી-સ્કૂલો સરકારના નિયમન હેઠળ આવશે. હાલમાં, રાજ્ય શિક્ષણ વિભાગની કોઈ પણ એજન્સી દ્વારા કિંડરગાર્ટનનું મોનિટરિંગ કરવામાં આવતું નથી. રાજ્ય સરકારના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ખાનગી અને સરકાર દ્વારા સંચાલિત પ્રીસ્કૂલમાં શીખવવામાં આવતી બાબતોની સામગ્રી અને ફીનું નિયમન સરકાર દ્વારા કરવામાં આવશે. 'જોકે, રાજ્ય શિક્ષણ વિભાગ પ્રી-સ્કૂલો માટે ફી અને કન્ટેન્ટ નક્કી કરે તે પહેલા સલાહકાર કવાયત હાથ ધરાશે, તમામ ખાનગી પ્રી-સ્કૂલો માટે ફીનું માળખું એકસમાન હશે તેમ નક્કી કરવામાં આવ્યું છે', તેમ સૂત્રોએ જણાવ્યું હતું. તેનો અર્થ એ થયો કે, ખાનગી રીતે સંચાલિત તમામ કિંડરગાર્ટને રાજ્ય સરકાર સમક્ષ રજિસ્ટર્ડ કરાવવું જરૂરી છે.

રાજ્યની અન્ય પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ખાનગી શાળાઓની જેમ તેનું પણ નિરીક્ષણ કરવામાં આવશે, તેમ સરકારના સૂત્રોએ જણાવ્યું હતું. સરકાર બાલવાટિકા I, II અને III વિભાગના શિક્ષકો માટે લાયકાતના લઘુત્તમ માપદંડોને લગતા નિયમો પણ બનાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં લગભગ ૪૦ હજાર પ્રી-પ્રાઈમરી સ્કૂલો છે અને તેમાંથી કોઈ પણ શિક્ષણ વિભાગ દ્વારા નિયંત્રિત નથી. તેમાંથી મોટાભાગની સ્કૂલો બંગલો તેમજ ટેનામેન્ટ જેવી જગ્યાઓમાં ચાલે છે.

# એમસી સ્ટેન બન્યો બિગ બોસ ૧૬નો વિજેતા

મુંબઈ, તા.૧૩ બિગબોસ ૧૬ના વિજેતાનું નામ જાહેર થઈ ગયુ છે. રેપર એમસી સ્ટેને શો જીતી લીધો છે. એમસીનાં ફેન્સે તેને બિગ બોસ ૧૬નો વિજેતા બનાવ્યો છે. સલમાન ખાને વિજેતા રેપરને શુભકામનાઓ આપી અને ઈનામમાં ૩૧ લાખ રૂપિયા મળ્યા. આ સાથે એમસીને એક જોરદાર ગાડી પણ મળી છે. બિગ બોસ ૧૬ના વિજેતાની ઘોષણા પહેલા ચાહકો અનુમાન લગાવી રહ્યા હતા કે, સિઝન ૧૬ના વિજેતા પ્રિયંકા, શાલીન ભનોટ, ચહર ચૌધરી, એમસી સ્ટેન શિવ ઠાકરે અને અર્ચના ગૌતમમાંથી કોઈ એક હોઈ શકે છે. આ તમામ લોકો શોના ફિનાલે સુધી પહોંચવામાં સફળ થયા છે. આ પાંચેય સ્પર્ધકો વચ્ચે ગળાકાપ સ્પર્ધા હતી. ૧૨ ફેબ્રુઆરીની રાત્રે, વિજેતાની જાહેરાત કરવામાં આવી છે. બિગ બોસ ૧૬ના વિજેતાને ગોલ્ડ યુનિકોર્નની ડિઝાઈનમાં ચમકદાર ટ્રોફી આપવામાં આવી છે. અગાઉ ઈનામની રકમ ૫૦ લાખથી ઘટાડીને શૂન્ય કરવામાં આવી હતી. હવે વિજેતાને ૩૧ લાખ ૮૦ હજાર રૂપિયા મળશે. આ સાથે વિજેતાને ગ્રાન્ડ i10 કાર પણ મળશે. બિગ બોસ ૧૬ શો ગયા વર્ષે ઑક્ટોબરમાં શરૂ થયો હતો. જેમાં ૧૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં અબ્દુ રોજિક, ટીના દત્તા, એમસી સ્ટેન, સૌંદર્ય શર્મા, સાજિદ ખાન, શ્રીજીતા ડે, સુમ્બુલ ટૌકીર, નિમૃત કૌર આહલુવાલિયા, માન્યા સિંહ કે. , કેટલાક અન્ય સ્પર્ધકો પણ હતા. આ વખતે શો ખાસ્સો લોકપ્રિય રહ્યો હતો.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

### જય આપા ગીગાનાં જયઘોષ સાથે

# આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા જાહેર અન્નક્ષેત્રનો થયેલ શુભારંભ

## પ.પૂ.સદગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુનાં આર્શિવાદથી મહંત શ્રી નરેન્દ્રબાપુના માર્ગદર્શન હેઠળ તા.૧૨ થી ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી થશે : ભજન, ભોજન અને ભકિતસભર કાર્યક્રમો


(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

ભવનાથ તળેટીના તળેટી જવાના રસ્તા ઉપર ડાબી તરફ શ્રી લાલસ્વામિની જગ્યા આવેલી છે જયાં પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ આપાગીગાના ઓટલાના મહંત પૂ.નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુના માર્ગદર્શન હેઠળ મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત જાહેર અન્નાક્ષેત્રનો શુભ આરંભ કરવામાં આવેલ છે અને આપાગીગાના જય ઘોષ સાથે ભાવિકોને પ્રસાદ ભોજનનું ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે.

શિવરાત્રી મહોત્સવ પર્વ આડે હવે ગણત્રીના દિવસ જ બાકી રહ્યા છે ત્યારે આ મેળાને ધ્યાને લઈ સેવાકીય ક્ષેત્ર, ધાર્મિક સ્થળો અને ઉતારા મંડળ દ્વારા અહીં આવનારા ભાવિકોની સુવિધા જળવાય તેમજ તેમના માટે પ્રસાદ ભોજન સહીતની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. શિવરાત્રીનો મેળો હોય કે, પરીક્રમાનો મેળો દર વર્ષે આપાગીગાનો ઓટલો (ચોટીલા)ની પાવનકારી જગ્યાના મહંત પ.પૂ.શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ દ્વારા પ.પૂ.સદગુરૂ દેવશ્રી જીવરાજબાપુ અને ગુરૂશ્રી શામજીબાપુના આશિર્વાદથી જાહેર અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવે છે. આ વર્ષે પણ ગઈકાલે રવિવારના દિવસે સંતો અને સેવકગણની ઉપસ્થિતિમાં મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત જાહેર અન્નક્ષેત્ર ભોજન, પ્રસાદનો શુભઆરંભ કરવામાં આવેલ છે અને મહાશિવરાત્રી પર્વ તા.૧૮/૨/૨૦૨૩ શનિવાર સુધી આ અન્નક્ષેત્રમાં ભાવિકોને પ્રસાદ લેવાનું તેમજ સંતવાણીના કાર્યક્રમો તેમજ સંતોની ઉપસ્થિતિમાં રવાડી સરઘસના દર્શનનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. અહીં આવનારા ભાવિકો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થાતો ખરી જ અને આ સાથે જ મહાશિવરાત્રીના દિવસે આખો દિવસ ફરાળ રૂપી મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. જય આપાગીગાના જય ઘોષ સાથે આપાગીગાના ઓટલા દ્વારા અન્નાક્ષેત્રનો શુભ આરંભ થયો છે.

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થક્ષેત્રમાં શિવારાત્રીના મેળા અંગેની જોરદાર ચાલતી તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ભવનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રતિ વર્ષ યોજાતા શિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે ત્યારે અહીં પધારનાર ભાવિકો માટે પ્રસાદ ભોજન સહિતની સુંદર મજાની વ્યવસ્થા શ્રી આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા ગિરનાર ક્ષેત્રમાં કરવામાં આવે છે અને જાહેર અન્નાક્ષેત્ર સાથે મહાશિવરાત્રી મહોત્સવની આસ્થાભેર અને ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ભવનાથ ક્ષેત્રમાં લાલ સ્વામિની જગ્યા મહંતશ્રી હરીગીરીબાપુ ભગીરથ વાડીની સામેના વિશાળ પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત શ્રી આપાગીગાના ઓટલા ચોટીલા દ્વારા જાહેર અન્નાક્ષેત્રનો ગઈકાલ એટલે કે, રવિવાર તા.૧૨/૨/૨૦૨૩ના ભોજન પ્રસાદનો શુભારંભ કરવામાં આવેલ છે અને મહાશિવરાત્રી તા.૧૮/૨/૨૦૨૩ શનિવાર સુધી આ જાહેર અન્નાક્ષેત્ર ચાલશે અને જેમાં કોઈપણ જાતના ભેદભાવ વિના હજારો ભાવિકોને તેમજ અહીં આવનારા શ્રધ્ધાળુઓને ભોજન પ્રસાદ પ્રેમથી પિરસવામાં આવશે. શ્રી આપાગીગા ઓટલા ચોટીલા ધામના મહંત પ.પૂ.શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુના સિધ્ધા સંચાલ અને માર્ગદર્શન હેઠળ જાહેર અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવે છે. ભવનાથ તળેટી વિસ્તારમાં પ્રવેશો એટલે શ્રી લાલ સ્વામિની જગ્યા ખાતે વિશાળ પટાંગણમાં આ અન્નક્ષેત્ર ધમધમતું જોવા મળશે કે જયાં એકજ પંગતે હજારો લોકો ભોજન-પ્રસાદનો લાભ લઈ અને ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમા પર્વનો લ્હાવો લેતા નજરે પડે છે. ગઈકાલથી શરૂ થયેલા જાહેર અન્નક્ષેત્રમાં ભાવિકોને પ્રેમથી ભોજન પિરસવામાં આવી રહ્યું છે તેમજ સ્વયંસેવકો દ્વારા અને સેવાભાવી ભાઈઓ દ્વારા સતત યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આપાગીગા ઓટલો (ચોટીલા)ના મહંતશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ દ્વારા છેલ્લા ઘણા વર્ષો થયા મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત શ્રી લાલ સ્વામિની જગ્યા ખાતે દર વર્ષે જાહેર અન્નક્ષેત્ર ખુલ્લુ મુકવામાં આવે છે. પ.પૂ. સદગરૂ દેવશ્રી જીવરાજબાપુ, ગુરૂશ્રી સ્વામજીબાપુના આશિર્વાદથી શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ દ્વારા આયોજીત મહાશિવરાત્રી મહોત્સવ ઉજવણી અંતર્ગત જાહેર અન્નક્ષેત્રના પ્રારંભ સાથે જ ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા તેમજ રાત્રી દરમ્યાન જાણીતા કલાકારોના સંતવાણીના કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે ત્યારે ભાવિક ભકતો મોટી સંખ્યામાં આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેતા હોય છે. દરમ્યાન વાદળ સાથે વાતો કરતો ગિરનાર ગરવો ગઢ ગીરનાર જયા તેત્રીસ કોટી દેવતાઓનો વાસ છે નવનાથગ ૮૪ સિધ્ધ, ૬૪ જોગણીઓ અને જેના શિખરો ઉપર ગુરૂ ગોરખનાથ, ગુરૂ દત્તાત્રેય બેસાણા છે અને જયાં સાક્ષાત માં જગદંબા અંબાજીમાતા બીરાજે છે એવા પાવન પવિત્ર ગીરનારની ગોદમાં જૂનાગઢ વસેલું છે. આ ગીરનાર ક્ષેત્રમાં જયાં સાક્ષાત ભોળાનાથ પધારે છે તે મહા શિવરાત્રીના મેળા દરમ્યાન જયાં ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાય છે ત્યાં સત્તાધાર શ્રી આપાગીગાના શુભાશિષથી શ્રી આપાગીગાનો ઓટલા દ્વારા પ.પૂ. શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુની આશિર્વચનથી અઢારે વરણના દરેક સમાજ અને જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર જાહેર અન્નક્ષેત્ર તથા સંતવાણીના કાર્યક્રમના મેળાની શરૂઆતથી લઈ પૂર્ણાહુતી સુધીના પ્રસંગનું આયોજન કરેલ છે. આ અન્નાક્ષેત્રમાં દરેભરમાંથી સાધુ-સંતો, મહંતશ્રીઓ, મહામંડલેશ્વરશ્રીઓ અને મહાનુભાવો પધારી આશિર્વાદ આપશે તો આ મેળામાં આપને આપના પરીવારજનો તથા મિત્રવર્તુળ સાથે પધી મહાપ્રસાદનો લાભ લેવા અને સાધુસંતોના આશિર્વાદ મેળવવા શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ, મહંતશ્રી આપાગીગાનો ઓટલો, (મોલડી), ચોટીલા તેમજ સમગ્ર સત્તાધાર ધામ અને શ્રી આપાગીગાના ઓટલાના સેવકગણ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.




### જૂનાગઢની બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ ખાતે

# રિસર્ચ એન્ડ રિસર્ચ મેથોડોલોજીના એક દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનાર શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં

## બહાઉદ્દીન આર્ટસ કોલેજ અને રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી કોન્ફરન્સમાં સંશોધન કરતા અભ્યાસુ વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં અધ્યાપકો ઉપસ્થિત





જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ અને રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના સંયુકત ઉપક્રમે ભાવનગરના આયુધપબ્લિકેશનના સહકારથી યોજાયેલી એક દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સૌને પ્રેરિત કરતા જણાવ્યું હતું કે, ભીતરના આનંદને- સંતોષને જીવંત રાખે તે શ્રેષ્ઠ જ્ઞાન છે. બહુજન હિતાય બહુજન સુખાયની ભાવનાથી થતું સંશોધન સાર્થક થતું હોય છે તેમ જણાવીને સુખની બદલાતી જતી પરિભાષા વચ્ચે માણસને આઠેય પહોર આનંદમાં રાખે તેવી શૈલી પદ્ધતિ અને સંશોધનો આજના સમયની જરૂરિયાત છે તેમ સ્પષ્ટ કહ્યું હતું. જે ત્યાગે તે ભોગવે અને કરેલું કર્મ ફોગટ જતું નથી કેમ જણાવીને મંત્રીએ સ્વને ઓળખવાની આંતરદ્રષ્ટિ કેળવવા તેમજ બહારથી ગમે તેટલું જ્ઞાન આપવામાં આવે સમજાવવામાં આવે પણ જ્યાં સુધી વ્યક્તિનું પોતાનું જીવન ન કેળવાય અને અથાગ પરિશ્રમ ન કરે ત્યાં સુધી સફળતા મળતી નથી તેમ જણાવીને મંત્રીએ આદર્શ માનવ જીવન માટે સર્વના કલ્યાણ માટેના બીજાને ઉપયોગી થવા માટે હાથ ધરવામાં આવેલા સંશોધનો અને તે માટેના લેખકોને અભિનંદન આપી કોન્ફરન્સમાં જોડાયેલા અભ્યાસુઓને બિરદાવ્યા હતા.

ભૌતિક સિદ્ધાંતો પૃથ્વી અને બીજા ગ્રહો ઉપર બદલાતા રહે છે પરંતુ લાગણીઓ બદલાતી નથી. સુખ અને આનંદ દ્રષ્ટિકોણ આધારિત હોય છે તેમ જણાવીને મંત્રીએ વિદ્યાર્થીઓને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ શુભકામના પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર કલ્યાણ અને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી સૌના વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોના આપણે સૌ વાહક બનીએ તેમ પણ તેઓએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં સંશોધનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. બહાઉદ્દીન આર્ટસ કોલેજની ભવ્ય ઈમારત ૧૨૩ વર્ષ જૂની છે અને અહીંનું બાંધકામ એ પણ એક સંશોધન જ છે તેમ જણાવીને આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં જેમણે ભાગ લીધો છે, તેવા અભ્યાસુઓ તેમજ સંશોધકો અને તેજસ્વી વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

આ કોન્ફરન્સના પ્રારંભે બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ પી.વી. બારસીયાએ સૌનું સ્વાગત કરી આ ઐતિહાસિક કોલેજમાં આપવામાં આવી રહેલા જીવનલક્ષી શિક્ષણ અને વિદ્યાર્થીઓની કેળવણી માટેના પ્રયાસો તેમજ પ્રોત્સાહન આપવા થઈ રહેલી પ્રવૃત્તિની માહિતી આપી શિક્ષણ મંત્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન અને તેમની ઉપસ્થિતિ અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના પ્રધ્યાપક જે. એસ. ઉપાધ્યાયે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે મેયર શ્રીમતિ ગીતાબેન પરમાર, નાયબ મેયર ગિરીશ કોટેચા, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા, કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી. પી. ચોવટિયા, બહાઉદીન સાયન્સ કોલેજ આચાર્ય આર.પી. ભટ્ટ, જિલ્લા શિક્ષણાધિકારી વાઢેર, માર્ગ મકાન વિભાગના ગોસ્વામી, ભરત સોજીત્રા સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ૧૨૩ વર્ષ પુરાણી બહાઉદ્દીન કોલેજના સ્થાપત્યનું નિરીક્ષણ કર્યું





જૂનાગઢ, તા.૧૩

શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ બહાઉદ્દીન સરકારી વિનિયન કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સંબોધન કર્યા બાદ ઐતિહાસિક અને ૧૨૩ વર્ષ પુરાણી બહાઉદ્દીન કોલેજની સમગ્ર ઈમારતનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ સાથે મંત્રીએ બહાઉદ્દીન કોલેજમાં હાથ ધરવામાં આવી રહેલી વિવિધ શૈક્ષણિક ઉત્કર્ષની પ્રવૃત્તિની જાણકારી મેળવી હતી. ઉપરાંત બહાઉદ્દીન કોલેજના ભવ્ય શૈક્ષણિક વારસા અને તેના અનમોલ સ્થાપત્ય વિશેની રસપ્રદ જાણકારી મેળવી હતી. બહાઉદ્દીન કોલેજના આચાર્ય પી.વી. બારસીયાએ મંત્રીને સ્મૃતિચિન્હ આપ્યું હતું. બહાઉદ્દીન કોલેજના સૌ અધ્યાપકો દ્વારા ટીમ વર્કથી કરવામાં આવી રહેલી વિદ્યાર્થી કલ્યાણ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિની જાણકારી મેળવી મંત્રીએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### વેરાવળમાં જલ્યાણ ગૃપ દ્વારા

# જલારામ બાપાની પુણ્યતિથીએ લોહાણા જ્ઞાતિ સમુહ ભોજનનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૩

વેરાવળ શહેરમાં જલારામ બાપાની ૧૪૩મી પુણ્યતિથીએ લોહાણા સમુહ જ્ઞાતિ ભોજન(પ્રસાદ)નું આયોજન કરાયેલ છે જેમાં લોહાણા જ્ઞાતિ રઘુવંશીઓને સહ પરીવારને જ્ઞાતિ ગંગા દર્શનમાં સહભાગી થવા સોશ્યલ મીડીયા, પ્રિન્ટ, ઈલેકટ્રોનીક મીડીયા સહીત દરેકને જાણ કરાયેલ છે. વેરાવળ ભાલકા ભીડીયા જી.આઈ.ડી.સી સોમનાથ તેમજ તાલુકા અને જીલ્લામાં જલારામ બાપાની ૧૪૩મી પુણ્યતિથી તા.૧૫/૨/૨૩ બુધવારે સમુહ લોહાણા જ્ઞાતિ ભોજનનું આયોજન કરાયેલ છે. આ પ્રસંગે જલ્યાણ ગૃપના પ્રમુખ દીપક કકકડે જણાવેલ હતું કે, સાંજે ૭ કલાકે લોહાણા બોર્ડીંગ બસ સ્ટેન્ડ સામે વિશાળ ગ્રાઉન્ડમાં જલારામબાપાને પુજન, પ્રસાદ ધરી સમુહ જ્ઞાતિ ભોજનની શરૂઆત કરાશે. દર વર્ષે યોજાનાર આ કાર્યક્રમમાં જલ્યાણ ગૃપના તમામ કાર્યકરો તેમજ સેવા આપનાર તમામ યુવાનો તડામાર તૈયારીઓ કરી રહેલ છે. આ સમુહ ભોજનમાં સીનીયર સીટીજન ભાઈઓ-બહેનો માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા રખાયેલ છે જેથી આ કાર્યમાં સહપરીવાર પધારવા તેમજ જ્ઞાતિ ગંગા દર્શનનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# સોમનાથના રઘુવંશી અગ્રણીના પુત્રએ માઈનીંગ એન્જીનીયરીંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યુ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

સોમનાથના રઘુવંશી લોહાણા સમાજના અગ્રણી વેપારી અશોકભાઈ જીમુલીયાના પુત્ર અભિષેકએ ભુજની કોલેજમાં માઈનીંગ એન્જીનીયરીંગનો અભ્યાસ કરી ફાઈનલ પરીક્ષામાં ફર્સ્ટ કલાસ સાથે ઉત્તીર્ણ થયેલ હતો. તે બદલ તાજેતરમાં અમદાવાદ ખાતે જીટીયુ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં અભિષેકને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ હતુ. આમ અભિષેકએ સોમનાથ સાથે રઘુવંશી સમાજ અને પરીવારનું ગૌરવ વધારેલ છે.

# એટીએમમાંથી પૈસા કાઢતી વખતે આ બાબતોનું રાખો ખાસ ધ્યાન, નહિંતર થઈ શકે છે આર્થિક નુકસાન!

નવી દિલ્હી તા. ૧૩

વર્તમાન સમયમાં મોટાભાગના લોકો પૈસા કાઢવા માટે અથવા અન્ય નાણાકીય કાર્યો માટે એટીએમ મશીનનો ઉપયોગ કરે છે. જોકે તેને ઉપયોગ કરતી વખતે કેટીલક સાવચેતી રાખવી ખુબ જ જરૂરી છે. એટીએમમાંથી પૈસા કાઢતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ અને પરિણામે તમે સુરક્ષિત નાણાકીય વ્યવાહર કરી શકશો.

એટીએમ મશીનમાં કાર્ડ સ્વાઈપ કરતા પહેલા સ્લોટ લાઈટની તપાસ કરો. જો આ લાઈટનું કલર ગ્રીન છે, તો તે ઠીક છે, પરતું જો ત્યાં લાલ રંગની લાઈટ દેખાતી હોય અથવા કોઈ લાઈટ જ ન થતી હોય, તો કાર્ડ સ્વાઈપ કરવો જોઈએ નહિ. જો સ્લોટ ઢીલું છે, તો પણ ત્યાં કાર્ડ સ્વાઈપ કરવું હિતાવહ નથી.

કાર્ડ ક્લોનિંગ પછી સાયબર ગઠિયાઓને નાણાકીય છેતરપિંડી આચરવા માટે પિન નંબરની જરૂર હોય છે. એટીએમ મશીનમાં પિન નંબર દાખલ કરતી વખતે તેને હાથથી ઢાંકી રાખો, જેથી કરીને આસાપાસ હાજર કોઈ અન્ય વ્યક્તિ તે જોઈ ન શકે. આ માટે પિન નંબર દાખલ કરતી વખતે તેને એક હાથથી છુપાવવું ખુબ જ જરૂરી છે.

**સાયબર ફ્રોડની સ્થિતિમાં શું કરવું જોઈએ?**

જો કોઈની સાથે એટીએમ ફ્રોડ થયું છે, તો તે વ્યક્તિએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો જોઈએ. શક્યતા છે કે સાયબર ગઠિયાના ફિંગરપ્રિન્સ પોલીસને ત્યાંથી મળી જાય અને જો તેનો ક્રિમિનલ રેકોર્ડ પોલીસ પાસે ઉપલબ્ધ હશે તો આરોપી વહેલો પકડાઈ શકે છે. આ સિવાય સાઈબર સેલ પાસે પણ આ અંગેની ફરિયાદ કરી શકાય છે. જોકે આ સ્થિતિ ન આવે તે માટે લોકોએ પોતે જાગૃક્તા રાખવી જોઈએ.

# સોમનાથ મંદિરમાં યાત્રીકો માટે વધુ બે અત્યાધુતિક ઈલેક્ટ્રીક ગોલ્ફકાર્ટનું લોકાર્પણ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

પ્રથમ જયોતિલિંગ સોમનાથ મહાદેવના દર્શને પ્રતિવર્ષ કરોડો ભાવિકો આવે છે જેમાં દિવ્યાંગ અને અશક્ત શ્રદ્ધાળુઓ સિનિયર સિટીઝનોને પરિસરના પ્રવેશદ્વારથી સોમનાથ મંદિરમાં અંદર સુધી લઈ જવા અને પરત લાવવા માટે નિઃશુલ્ક ઈલેક્ટ્રોનિક ગોલ્ફ કાર્ટ સેવા આપવામાં આવે છે. આ સેવાનો લાભ અત્યાર સુધીમાં અનેક શ્રદ્ધાળુઓ લઈ ચૂક્યા છે ત્યારે સોમનાથ ટ્રસ્ટની આ માનવતા સભર સુવિધાથી પ્રભાવિત થઈને સીટી યુનિયન બેંક દ્વારા બે અધ્યાધુનિક વિદ્યુત ઉર્જા સંચાલિત ગોલ્ફકાર્ટ સોમનાથ ટ્રસ્ટને અર્પણ કરવામાં આવી હતી જેનું જિલ્લા કલેકટર ડો.રાજદેવસિંહ ગોહિલએ લોકાર્પણ કર્યુ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# લોકરમાં રાખેલી બે લાખની નોટોને ઉધઈ કોતરી ખાધી



ઉદયપુર, તા.૧૩

રાજસ્થાનના ઉદયપુર શહેરમાં પીએનબી બેંકની એક બ્રાન્ચમાં વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહી લોકરમાં રાખેલા લાખો રૂપિયાને ઉધઈ કોતરી ખાઈ ગઈ છે. બેંકમાં રાખેલા પૈસાની આ દુર્દશા બાબતે ત્યારે ખબર પડી કે જ્યારે લોકરના માલિક બેંક પહોંચ્યા હતા. ગ્રાહકે જ્યાકે પૈસા ઉપાડવા માટે લોકર ખોલ્યું તો તે ચોંકી ગયા. કારણકે, લોકરમાં રાખેલી રૂપિયા ૨ લાખ ૧૫ હજારની તમામ નોટો ઉધઈ ખાઈ ગઈ હતી. બંધ લોકરમાં પોતાની જમા રકમની આ હાલત જોઈને ગ્રાહકે બેંકમાં હોબાળો મચાવ્યો હતો. નોટોની આ હાલત જોઈને બેંક મેનેજર પણ ચોંકી ગયા હતા. જોકે, ગ્રાહકની ફરિયાદ અને હોબાળા બાદ બેંક અધિકારીએ બેંક લોકરના માલિકને તમામ પૈસા પરત કરી દીધા હતા. પરંતુ ઉધઈએ કોતરી ખાધેલી આ નોટ જોઈને ગ્રાહક ચોંકી ગયો હતો. તેની સાથે બેંકના અન્ય લોકરમાં પણ ઉધઈનો ઉપદ્રવ હોવાની શકયતાના કારણે બેંક પ્રશાસન પણ મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું. હવે બેંક દ્વારા અન્ય ગ્રાહકોને પણ તેમના લોકર ચેક કરવા માટે જણાવાયું છે. મળતી માહિતી મુજબ, ઉદયપુરની આ બેંકમાં સુનીતા મહેતાના નામે લોકર હતું. આ લોકરમાં ૨.૧૫ લાખ રૂપિયાની નોટો રાખવામાં આવી હતી. ગયા વર્ષે મે મહિનામાં લોકર ખોલવામાં આવ્યું હતું, ત્યાં સુધી રોકડ સુરક્ષિત હતી. જરૂર પડ્યે ફરીથી લોકર ખોલવામાં આવ્યું તો નોટોના બંડલ પાવડર જેવા થઇ ગયા હતા. ગ્રાહકનો આરોપ છે કે બેંક મેનેજમેન્ટે પેસ્ટ કંટ્રોલ નથી કરાવ્યું, તેથી રોકડ નોટોને નુકસાન થયું છે. ગ્રાહકની ફરિયાદ અને હોબાળા બાદ બેંક અધિકારીએ બેંક લોકરના માલિકને તમામ પૈસા પરત કરી દીધા ગ્રાહકના ભાઈએ કહ્યું, 'અમે બંને પોતપોતાના લોકરનો સામાન લેવા આવ્યા હતા. મેં મારું લોકર ઓપરેટ કર્યું જ્યારે દીદીએ તેનું લોકર ખોલ્યું અને જોયું તો તેણે ચીસો પાડી. મેં લોકર ખોલ્યું તો નોટોના બંડલને બદલે ઉધઈ હતી, ઉધઈને કારણે બંડલ ફસાઈ ગયું હતું. બેંક કર્મચારીએ સ્ક્રૂ ડ્રાઈવરની મદદથી બંડલ બહાર નીકાળ્યું. ૧૫,૦૦૦ રૂપિયાની ૫૦ની નોટનું બંડલ સંપૂર્ણપણે ફાટી ગયું હતું. આ સિવાય એક થેલીમાં ૫૦૦-૫૦૦ની નોટોના બંડલ હતા. અમે ૧૫,૦૦૦ રૂપિયાના નુકસાન અંગે બેંક મેનેજરને ફરિયાદ કરી. ૩ કલાક પછી ૧૫ હજાર રૂપિયા બદલ્યા. ઘરે જઈને જ્યારે બાકીના ૨ લાખ રૂપિયા ચેક કર્યા તો તે પણ ઉધઈએ ખાઈ લીધા હતા. આ પછી બીજા દિવસે બેંકમાં પહોંચીને બધી નોટો વિશે કહ્યું, તેમણે એક વખત ના પાડી, પરંતુ થોડા કલાકોના હોબાળા પછી બધી નોટો બદલી આપી.

## તંત્રી લેખ


# કારગીલનું દર્દ આપનારા વિલનને 'હીરો' ગણાવવાની દોટ : યોગ્ય છે ?

આપણા દેશમાં કહેવાય છે કે વ્યકિતના નિધન બાદ તેની સારી વાતો જ યાદ કરવામાં આવે છે, પરંતુ શું પરવેઝ મુશર્રફ જેવા શખ્સ 'હીરો' ગણી શકાય? જેવી જ દુબઈથી પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિના નિધનના સમાચાર આવ્યા, ભારતમાં પણ તેના પર ચર્ચા થવા લાગી. કારગિલનો જખમ આપનારા એ આપખુદને વિલન તરીકે જ હંમેશાં યાદ કરવામાં આવશે, પરંતુ કોંગ્રેસી નેતા શશિ થરુર, ભાજપી નેતા સુબ્રમણ્યમ સ્વામી અને નેશનલ કોન્ફરન્સના ઉમર અબ્દુલ્લા કંઈક જુદું જ અનુભવી રહ્યા છે. શશિ થરૂરે પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ વિશે કહ્યું કે ક્યારેક ભારતના કટ્ટર દુશ્મન રહેલા મુશર્રફ ૨૦૦૨-૨૦૦૭ (એટલે કે કારગિલ કાંડ બાદ) શાંતિના પક્ષધર બની ગયા હતા. ભાજપને એ પસંદ ન પડ્યું અને તેણે કોંગ્રેસ પર 'પાકિસ્તાન તરફી' હોવાનો આરોપ લાગ્યો. તો ભાજપના સુબ્રમણ્યમ સ્વામીએ પણ દુઃખ વ્યક્ત કર્યું તો તેમના ટ્વીટ પર લોકો તૂટી પડ્યા. ઉમર અબ્દુલ્લાએ મુશર્રફ સાથે હાથ મિલાવતાં એક તસવીર શેર કરીને લખ્યું કે હું હંમેશાં તેમને એક પાકિસ્તાની નેતા તરીકે યાદ કરીશ. એવામાં સવાલ પૂછવો જોઈએ કે શું કારગિલનું દર્દ ભૂલી ગયા? શું મુશર્રફ હવે 'વિલન'ને બદલે 'હીરો'ની ભૂમિકામાં આવી જશે? એ પરિવારોને આવા નેતાઓ શું જવાબ આપશે જેમના લાડલા એ લડાઈમાં શહીદ થઈ ગયા?

સારા વ્યક્તિ પોતાની પાછળ પરિવાર, સંપત્તિ અને સારા-ખરાબ કામ છોડીને જાય છે. સારપને જનતા યાદ કરે છે પરંતુ ખરાબ લોકોના દામન પર લાગેલ દાગ મોત બાદ પણ નથી ધોવાતા. એ જાણવા છતાં કે પાકિસ્તાનના પૂર્વ આપખુદ પરવેઝ મુશર્રફ જ ૧૯૯૯ની કારગિલ લડાઈના માસ્ટરમાઈન્ડ હતા, શું કોઈ ભારતીય તેમને હીરો માનવાની કે પછી શાંતિના દૂત ગણવાની ભૂલ કરી શકે? તેમનામાં ગમે તેટલી સારી ચીજો હોય, તેમનો પરિવાર યાદ કરે પરંતુ જે સમયે ભારતે પાકિસ્તાન સામે મિત્રતાનો હાથ લંબાવ્યો એ સમયે પીઠમાં ખંજર ઘોંપનાર જનરલને આપણે હંમેશાં વિલન જ ગણવાના હોય. એવા લાળા ચાવવા કે તેમને બાદમાં અહેસાસ થઈ ગયો હતો કે પાકિસ્તાનમાં સ્થિરતા માટે ભારત સાથે સારા સંબંધો રાખવા પડશે, આ બધું રાજકીય કૂટનીતિ જ હોય. કંઈક એવું જ, જેમ એક નેતા બીજી પાર્ટીમાં પાટલી બદલીને જાય અને કહે કે 'મારો અંતરાત્મા જાગી ગયો!' મુશર્રફે ૧૯૯૯માં સૈન્ય તખ્તાપલટ કરીને નવાઝ શરીફ સરકાર ગબડાવી દીધી હતી. ૯ વર્ષ શાસન કરનારા મુશર્રફ બાદમાં ભારત આવ્યા, આપણે તેમને પકવાન પીરસ્યાં, પરંતુ એ જખ્મને ક્યારેય ભૂલી ન જ શકાય. જ્યારે પણ શહીદોનો પરિવાર પોતાના જીગરના ટુકડાની તસવીર જોશે, મુશર્રફનો ક્રૂર ચહેરો તેમની સામે આવશે. મુશર્રફના નિધન પર ભાવુક થનારા નેતાઓએ સમજવું જોઈએ કે જે શખ્સે પોતાની જન્મભૂમિનો પણ ખ્યાલ ન રાખ્યો તે 'ગુડ મેન' કઈ રીતે હોઈ શકે? ભારતના લોકો દુનિયામાં ગમે ત્યાં વસી જાય, પરંતુ પોતાના જન્મસ્થાનને ક્યારેય નથી ભૂલતા. મુશર્રફનો જન્મ ભાગલા પહેલાં દિલ્હીમાં ૧૧ ઓગસ્ટ ૧૯૪૩ના રોજ થયો હતો. તેમણે ૪ વર્ષ અહીં જ વિતાવ્યાં. બાદમાં ભાગલા વખતે તેમનો પરિવાર કરાચીમાં વસી ગયો. તેમ છતાં યુદ્ધ છેડતાં પહેલાં મુશર્રફને દિલ્હીની એ ગલીઓ યાદ ન આવી.

# ફાઈન્ડ માય ડિવાઈસ એપનો ઉપયોગ કરીને મોબાઈલ શોધી શકાય છે

## એપ્લીકેશનને ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરવી પડશે, એપ્લિકેશન ખોલવી અને જીમેલ આઈડીથી લોગિન કરવું પડે છે




નવી દિલ્હી, તા.૧૧

ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણી પહેલા વિરાટ કોહલીનો ગુમ થયેલો ફોન મળી ગયો છે. સ્પિનર કુલદીપ યાદવને હોટલના સ્વિમિંગ પૂલ પાસે એક ફોન બોક્સ દેખાયો હતો . જોકે હજુ તેનો ફોન કોહલી સુધી પહોંચ્યો નથી. કુલદીપ યાદવે ટ્વીટ કરીને ફોન રિસીવ કરવાની જાણકારી આપી હતી. પરંતુ તેના કારણે ક્રિકેટરને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કોહલીનો ફોન ખોવાઈ જવાથી ઘણા લોકો પરેશાન થયા હતા. આવી ઘટનાનો શિકાર ન થવું હોય તો તમારે પણ ચેતી જવાની જરૂર છે અને સૌથી પહેલા આ કામ કરી લેવું જોઈએ. હવે તમારે તમારું ફોન શોધવા માટે કલાકો બગાડવાની જરૂર નથી. તમે ફાઈન્ડ માય ડિવાઈસ એપનો ઉપયોગ કરીને આ સમસ્યાને દૂર કરી શકો છો. ફાઈન્ડ માય ડિવાઈસની મદદથી તમને તમારો ખોવાયેલો ફોન પળવારમાં મળી જશે. ફાઈન્ડ માય ડિવાઈસ એપનો ઉપયોગ કરવા માટે, તમારે પહેલા એપ્લીકેશનને ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરવી પડશે. ડાઉનલોડ કર્યા પછી, એપ્લિકેશન ખોલવી અને તમારા જીમેલ આઈડીથી લોગિન કરવું . નાગપુર ટેસ્ટ પહેલાં કોહલીનો ખોવાયેલો ફોન મળ્યો નોંધપાત્ર વાત એ છે કે તમારે એ જ જીમેલ આઈડીથી લોગીન કરવું પડશે, જેના હેઠળ તમારો ફોન રજીસ્ટર થયેલ છે. એન્ડ્રોઈડ ડિવાઈસ મેનેજર ફોનનું વર્તમાન લોકેશન જાણવા માટે ફોનમાં હાજર જીપીએસ સિસ્ટમનો ઉપયોગ કરે છે. આ એપ ડાઉનલોડ કર્યા બાદ તમારા જીમેલ આઈડીથી લોગઈન કરવું પડશે. તમે લોગ ઈન કરો કે તે સમયે જ તમારો ફોન એપમાં લિસ્ટ થઈ જાય છે. આ એપ્લીકેશનથી લોકેશનથી જાણકારી મળશે સાથે જ બેટરી સ્ટેટસ ,સર્વિસ પ્રોવાડરની માહિતી મળી જશે.

# ભગવદ્ ગીતાથી સલાહ-સૂચન કરીને જવાબ આપતું ચેટબોટ તૈયાર કરાયું




નવી દિલ્હી, તા.૧૩

એઆઈ ચેટબોટ ચેટજીપીટી અને બ્રાડ પછી હવે એઆઈ ચેટબોટ ટેક્નોલોજીને લઈને હોડ મચી ગઈ છે. ગૂગલના એક સોફ્ટવેર એન્જિનિયરે ભગવદ્ ગીતાથી પ્રેરાઈને એઆઈ ચેટબોટ ગીતા જીપીટી વિકસિત કર્યું છે. તેની મદદથી યૂઝર્સ તેમની દરરોજની સમસ્યાઓ વિશે ભગવદ્ ગીતાથી સલાહ-સૂચન મેળવી શકશે. માહિતી અનુસાર ગીતા જીપીટી પર યૂઝર્સ જે પણ સવાલો કરશે ત્યારે એઆઈ ચેટબોટ ભગવદ્ ગીતાથી સલાહ-સૂચન કરીને તમારા જવાબો આપશે. ઉલ્લેખનીય છે કે ગીતા જીપીટી પણ ચેટ જીપીટીની જેમ જ એકપ્રકારનું એઆઈ ચેટબોટ છે. બેંગ્લુરુ સ્થિત ગૂગલ સોફ્ટવેર એન્જિનિયર સુકુરુ સાંઇ વિનીતે ગીતા જીપીટી વિકસાવ્યું છે. તે ભગવદ્ ગીતાથી પ્રેરિત છે. વિનીત એઆઈની દોડમાં સામેલ થઇ ગયા છે અને તેમણે ચેટ જીપીટી જેવું જ ટૂલ વિકસાવ્યું છે. ગીતા જીપીટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટબોટ જીપીટી-૩ દ્વારા સંચાલિત થાય છે જે સીધા ભગવદ્ ગીતાથી તમારા જીવન સંબંધિત મુદ્દાઓના જવાબ આપે છે. ઉલ્લેખનીય છે કે હવે આ ક્ષેત્રમાં માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી ટેક દિગ્ગજ કંપનીઓએ તેમના એઆઈ બોટ વિકસાવવાનું શરૂ કરી દીધું છે. તેમણે પોત-પોતાના ચેટબોટ રજૂ કરી દીધા છે. જેમાં તાજેતરમાં ગૂગલના ચેટબોટ બાર્ડને કારણે ગૂગલને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો કેમ કે તેણે એક સવાલનો ખોટો જવાબ આપી દીધો હતો.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૩-૦૨-૨૦૨૩ થી ૧૯-૦૨-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ. | સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદઃખ થાય. | આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનનો લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે. | આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય. | આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય. | નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને. |
| તુલા : ર.ત. સ્વામિ - શુક્ર | વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ | ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ | મકર : ખ.જ. સ્વામિ - શની | કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની | મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ |
| આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુક્શાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ. | ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે. | પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનાસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે. | નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો. | કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય. | આ સાપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપાયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી. |

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે અપ્રાપ્ય વસ્તુ માટે ચિંતા નથી કરતો અને પ્રાપ્ય વસ્તુનું અભિમાન નથી કરતો તે સાચો સુખી છે.

- મહોપનિષદ્

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.મેહેર-૧૩૯૨, મુ. રજજબ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, મહા વદ-૭અષ્ટકા શ્રાધ્ધ, શ્રીનાથજીનો પાટોત્સ-નાથદ્વારા, કાલાષ્ટમી તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૧, વિશાખા નક્ષત્ર, વૃધ્ધિયોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૪૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), રાત્રે ૮:૩૩ ક.પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# બોમ્બે હાઈકોર્ટે જમીન અધિગ્રહણને પડકારતી અરજી ફગાવતા હવે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ આગળ વધી શકશે

## બુલેટ ટ્રેન યોજના માટે મહત્ત્વની સિદ્ધિ : મહારાષ્ટ્રમાં ૧૦૦ ટકા જમીન અધિગ્રહણ પૂર્ણ



મુંબઈ, તા.૧૩

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણને પડકારતી ગોદરેજ એન્ડ બોયસ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવતા બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે આ એક ડ્રીમ પ્રોજેક્ટ છે અને દેશને તેની જરૂર છે. જસ્ટિસ આર.ડી. ધાનુકા અને એમ.એમ. સથાયેની બેન્ચે આજે આ આદેશ સંભળાવ્યો હતો. બેન્ચે તેના આદેશમાં કહ્યું કે પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે અને તેની સાથે લોકોનું હિત જોડાયેલું છે. તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર જ નથી. કંપનીને આપવામાં આવેલા વળતરમાં કોઈ ગેરકાયદેસરતા પકડાઈ નથી. અરજદારોએ અમારા માટે અમારી વધારાની ન્યાયિક શક્તિઓનો પ્રયોગ કરવાનો મામલો બનાવ્યો જ નથી. આ સામૂહિક હિતમાં છે અને તે જ સર્વોપરી છે. દેશ માટે આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ હશે. કંપની વતી હાજર વકીલ નવરોજ સીરવઈએ સુપ્રીમકોર્ટમાં અપીલ કરવા માટે આ આદેશ ઉપર રોક લગાવવાની માંગ કરી હતી. સીરવઈએ કહ્યું કે હું સ્ટે નથી માગી રહ્યો. હું ફક્ત યથાસ્થિતિ ઈચ્છું છું. પ્રોજેક્ટ પૂરો થવા નથી આવ્યો. બીજી બાજુ નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન (એનએચએસઆરસીએલ) તરફથી હાજર એડિશનલ સોલિસીટર જનરલ અનિલ સિંહે માંગનો વિરોધ કરતા કહ્યું કે જમીન અધિગ્રહણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર સરકાર વતી હાજર પૂર્વ એટોર્ની જનરલ આશુતોષ કુંભકોનીએ પણ વિરોધ નોંધાવ્યો હતો. હાઈકોર્ટે આદેશ ઉપર અપીલ અનુસાર સ્ટે આપ્યો નહોતો. કંપની દ્વારા દાખલ અરજીમાં ડેપ્યુટી કલેક્ટર દ્વારા ૨૬૪ કરોડ રૂ. વળતર ચૂકવાયા બાદ કંપનીની જમીન અધિગ્રહણ કરવા માટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પસાર વળતર સંબંધિત આદેશને પડકારાયો હતો. જમીન અધિગ્રહણની કાર્યવાહીને ગેરકાયદે ગણાવતા સીરવઈએ કહ્યું હતું કે તેમાં અનેક ગેરરીતિ આચરાઈ હતી. કંપનીએ તેની અરજીમાં માંગ કરી હતી કે હાઈકોર્ટ રાજ્ય સરકારને આદેશ આપે અને તેને કબજાની કાર્યવાહી શરૂ ન કરવા માટે નિર્દેશ આપે. સરકાર ૨૦૧૯થી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મુંબઈના વિક્રોલી વિસ્તારમાં કંપનીની માલિકીની જમીનનું અધિગ્રહણ કરવા માંગે છે. મુંબઈ અને અમદાવાદ વચ્ચેના કુલ ૫૦૮.૧૭ કિલોમીટરના રેલવે ટ્રેકમાંથી લગભગ ૨૧ કિલોમીટર ભૂગર્ભમાંથી બનાવવાની યોજના છે. એક અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જરૂરી જમીનનું ૧૦૦ ટકા અધિગ્રહણ પૂર્ણ થઈ ગયું છે જે આ યોજના માટે એક મોટી સિદ્ધિ છે.

# રેલવેએ ૨૦૨૨-૨૩માં સુવિધા શુલ્કથી અત્યાર સુધી ૬૦૦ કરોડથી વધુની આવક મેળવી : રેલવેમંત્રી



નવી દિલ્હી તા.૧૩

રેલવેએ સુવિધા શુલ્કના માધ્યમથી ૬૦૦ કરોડથી વધુની આવક રદ કરી છે જેને તે ૨૦૨૨-૨૩માં અત્યાર સુધી એક ટિકિટ કરવા ઉપર પ્રવાસીઓ પાસેથી રાખે છે. તાજેતરમાં સંસદને સૂચિત કરવામાં આવ્યું. લોકસભામાં એક લેખિત જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, રેલવે પેસેન્જર્સ રૂલ્સ ૨૦૧૫ મુજબ ટિકિટ કેન્સલ કરવા ઉપર કેન્સલેશન અથવા કલકેજ ચાર્જ વસૂલવામાં આવે છે. કોમ્પ્યુટરયુક્ત પ્રવાસી અનામત સિસ્ટમ કાઉન્ટરોના માધ્યમથી જારી અનામત ટિકિટો ઉપર સામાન્ય ભાડા ઉપરાંત, ભારતીય રેલવે ખાણીપીણી અને પર્યટન નિગમ ઓનલાઈન ટિકિટ બુક કરાવનારા પ્રવાસીઓ પાસેથી સુવિધા શુલ્ક પણ લે છે. મંત્રીએ જણાવ્યું કે, સુવિધા શુલ્કની રકમ એસી કોચ માટે ૩૦ રૂપિયા અને બિન-એસી ક્લાસ માટે ૧૫ રૂપિયા છે. ટિકિટ રદ કરાવવા ઉપર આ પરત નથી થતો. તેમણે જણાવ્યું કે, આઈઆરસીટીસી દ્વારા ૨૦૧૯-૨૦ દરમ્યાન ૩૫૨.૩૩ કરોડ રૂપિયા ૨૦૨૨-૨૧ દરમ્યાન ૨૯૯.૧૭ કરોડ, ૨૦૨૧-૨૨ દરમ્યાન ૩૪૯.૦૮ કરોડ અને ૨૦૨૨-૨૩ દરમ્યાન ૬૦૪.૪૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા.

## ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માટે હોલ ટિકીટનું વિતરણ

અમદાવાદ, તા.૧૩

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની ૨૦ ફેબ્રુઆરીથી લેવામાં આવનારી પ્રાયોગિક પરીક્ષા માટેની હોલ ટિકિટ અપલોડ કરી દેવામાં આવી છે. સ્કૂલોએ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને સહિ સિક્કા કરીને આપવાની રહેશે. ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થનારી પ્રાયોગીક પરીક્ષા ૨૮ ફેબ્રુઆરીના રોજ પુર્ણ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૪ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. જોકે, આ પરીક્ષા પહેલા ૨૦ ફેબ્રુઆરીથી ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા લેવાની સત્તાવાર જાહેરાત બોર્ડ દ્વારા કરાઈ છે. જેથી હવે પ્રાયોગિક પરીક્ષાને લઈને બોર્ડ દ્વારા તૈયારીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પરીક્ષા માટે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ તૈયાર થઈ જતાં ગુરૂવારના રોજ બોર્ડ દ્વારા તમામ વિદ્યાર્થીઓની હોલ ટિકિટ વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવામાં આવી છે. બોર્ડની વેબસાઈટ ઉપરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલો મોબાઈલ નંબર અથવા તો ઈ-મેઈલ દ્વારા લોગીન કરીને વિદ્યાર્થીઓની હોલ ટિકીટ ડાઉનલોડ કરી શકાશે. હોલ ટિકીટની પ્રિન્ટ કાઢીને વિદ્યાર્થીના માર્ચ-૨૦૨૩ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો તથા માધ્યમની ખરાઈ કરીને તેમાં વિદ્યાર્થીની સહી, વિદ્યાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યના સહિ-સિક્કા કરીને વિદ્યાર્થીઓને આપવાની રહેશે. વિદ્યાર્થીના વિષય, માધ્યમ કે અન્ય કોઈ વિગતમાં વિસંગતતા જણાય તો બોર્ડની કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા સાથે રૂબરૂમાં સંપર્ક કરવાનો રહેશે.

# PM મોદીની ડિગ્રી RTI હેઠળ આપવાના આદેશને પડકારતી ગુજરાત યુનિ.ની અરજી ઉપર સુનાવણી પૂર્ણ, ચુકાદો અનામત

## રાજકીય હિસાબની પતાવટ માટે માહિતી અધિકાર હેઠળ અરજી માંગવામાં આવી છે, કોઈ ત્રાહિત વ્યક્તિની માહિતી RTI હેઠળ આપી શકાય નહીં : યુનિવર્સિટી તરફથી કરાઈ રજૂઆત

અમદાવાદ તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માસ્ટર ઓફ આર્ટ્સની ડિગ્રીની નકલ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ હેઠળ પૂરી પાડવા માટે સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર દ્વારા કરવામાં આવેલા આદેશને પડકારતી અરજીની સુનાવણી ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ સમક્ષ ચાલી હતી. આ કેસ સાથે સંકળાયેલા તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મોદી વડાપ્રધાન બન્યા બાદ કેજરીવાલ સહિતના નેતાઓએ તેમની ડિગ્રી ખોટી હોવાના આક્ષેપો કરીને રાજકીય આલમમાં સનસનાટી મચાવી હતી. કેસની વિગતો મુજબ દિલ્હીના હાલના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોદીની ડિગ્રી આપવા માટે કમિશનર દ્વારા ગુજરાત યુનિવર્સિટીને આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશને ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૬માં પડકારવામાં આવ્યો હતો. આ કેસ સિંગલ જજ સમક્ષ ચાલી જતા તેણે સંબંધિત પક્ષકારોને નોટિસ કાઢી હતી પરંતુ કમિશનરના આદેશ સામે મનાઉ હુકમ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. આથી ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે ન્યાયમૂર્તિઓની ખંડપીઠ સમક્ષ પડકારવામાં આવ્યો હતો અને ડિસેમ્બર, ૨૦૧૬માં તેની સામે મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આ કેસ સિંગલ જજની સમક્ષ મેટર ચાલવા ઉપર આવી હતી. યુનિવર્સિટી તરફથી રજૂઆત કરાઈ હતી કે, સમગ્ર આદેશ તેમને સાંભળ્યા વગર કરવામાં આવ્યો છે. કેજરીવાલ તરફથી યુનિવર્સિટીમાં માહિતી અધિકાર હેઠળ કોઈ અરજી કરવામાં આવી નથી. આથી સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર દ્વારા કરવામાં આવેલો આદેશ રદબાતલ ઠેરવવો જોઈએ. યુનિવર્સિટી દ્વારા એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે, કમિશનર દ્વારા આદેશ કરતા પહેલા તેઓને નોટિસ આપવામાં આવી નથી કે સાંભળવામાં આવ્યા નથી પરંતુ તે મુદ્દો અસ્થાને છે. કારણ કે, જ્યારે માહિતી અધિકારના કાયદા હેઠળ માહિતી આપવાની વાત હોય ત્યારે યુનિવર્સિટીને નોટિસ આપવાની હોતી નથી. સુનાવણી માટે મેટર નીકળતા અરવિંદ કેજરીવાલ તરફથી રજૂઆત કરાઈ હતી કે, નરેન્દ્ર મોદી જાહેર હોદ્દો ધરાવતા હોવાથી તેમના દ્વારા મેળવવામાં આવેલી ડિગ્રી જાહેર કરવી જોઈએ. એટલું જ નહીં પરંતુ ચૂંટણીના લગતા કાયદાઓને ધ્યાનમાં રાખતા તેઓએ પોતાની ડિગ્રી જાહેર કરવી જરૂરી બને છે. કારણ કે, જ્યારે કોઈ વ્યક્તિ ચૂંટણીમાં ઊભી રહે છે ત્યારે તે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮ની જોગવાઈઓ હેઠળ ત્રાહિત વ્યક્તિને કોઈ માહિતી આપી ના શકાય તેવા અપવાદમાંથી મુક્ત હોય છે અને તેમના વિશેની માહિતી જાહેર કરી શકાય છે. કમિશનર દ્વારા યુનિવર્સિટીના જાહેર માહિતી અધિકારીને ડિગ્રી આપવાનો આદેશ કર્યો હતો ત્યારે તેમને આદેશનું પાલન કરવાનું હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ (નરેન્દ્ર મોદી)ની ડિગ્રી આપવાનો આદેશ કરવામાં આવ્યો હોય તો તે વ્યક્તિએ આદેશને પડકારવાનો હોય છે તેમણે આદેશ પડકાર્યો નથી પરંતુ અહીં તો યુનિવર્સિટી દ્વારા પોતાની જાતે જ આવો આદેશ પડકારવામાં આવ્યો છે તે બાબત આશ્ચર્યને પાત્ર છે. જ્યારે કોઈ ખાનગી વ્યક્તિ વિશે માહિતી આપવાની હોય ત્યારે કાયદામાં અપવાદરૂપ હોય શકે છે. પરંતુ કોઈ માહિતી સાંસદને લગતી હોય કે જે બંધારણીય હોદ્દો ધરાવતા હોય ત્યારે તે જાહેરહિતની કહી શકાય અને તેની માહિતી આપવાનો આદેશ કરી શકાય છે. જો યુનિવર્સિટીને જ્યારે માહિતી કમિશનર દ્વારા નિર્દેશ આપવામાં આવ્યો હોય ત્યારે યુનિવર્સિટી જે વ્યક્તિની માહિતી આપવાનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેની પૂર્વ મંજૂરી માટે પૂછી શકે છે. જો તેમને કોઈ પ્રોબ્લમ હોય તો યુનિવર્સિટી નોંધ લઈ શકે છે. પરંતુ અહીં તો તેઓએ તે વ્યક્તિ તરફથી જ સીધી અરજી કરી દેવામાં આવી છે. જો કે, તેની સામે ગુજરાત યુનિવર્સિટી તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટ અને સોલિસીટર જનરલ ઓફ ઈન્ડિયા તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે, આમં કશું જ છૂપાવવાની વાત નથી પરંતુ સૈદ્ધાંતિક રીતે વિદ્યાર્થીઓના હિતમાં આ અરજી કરાઈ છે. પ્રસ્તુત ડિગ્રી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવામાં આવી હતી. માહિતી અધિકારના કાયદા હેઠળ કોઈ ત્રાહિત વ્યક્તિને માહિતી આપી શકાતી નથી. ગમે તેટલા મોટા હોદ્દા ઉપર બેઠેલી વ્યક્તિ (કેજરીવાલ) એવું કહે કે તેઓ પોતાની ડિગ્રી બતાવવા તૈયાર છે તો સામેની વ્યક્તિએ પણ પોતાની ડિગ્રી બતાવવી જોઈએ તે બાબત જ આખી બાલિશ બાબત છે. આ માહિતી અધિકારની અરજી હિસાબોના પતાવટ માટે કરવામાં આવી છે. જો આવી અરજીના આધારે કોઈ ત્રાહિત વ્યક્તિની માહિતી ઉજાગર કરી દેવામાં આવે તો તે માહિતી અધિકાર અધિનિયમને ખૂબ જ મોટું નુકસાન પહોંચાડશે. આથી આ આદેશને રદબાતલ ઠેરવીને ઉદાહરણીય દંડ કરવો જોઈએ.

# ● ભાવ વધવા માટે અને વજન ઘટવા માટે હોય છે...●

સાધારણ રીતે માણસ તરફનો ભાવ વધવો જોઈએ તેને બદલે ઘટે છે ને ચીજવસ્તુઓના ભાવ ઘટવા જોઈએ, તે વધે છે. બીજી તરફ, માણસનું વજન ઘટવું જોઈએ તે વધે છે અને ચીજવસ્તુઓનું ભાવને હિસાબે, વજન વધવું જોઈએ, તે ઘટે છે. પહેલાં ભારે ગુણ ઊંચકવા માટે માણસનું વજન ઓછું પડતું, હવે પેકિંગનું વજન ઓછું પડે છે ને માણસ ન ઊંચકાય એવો થતો આવે છે. કોઈ માણસ વજન કાંટે ઊભો રહે તો કાંટો જ બોલી ઊઠે છે-ભાઈ, એક સાથે એક જ આવો ! મોંઘવારીએ એટલું કર્યું છે કે માણસ સસ્તો થઈ ગયો છે ને તે પાણીને ભાવે મળે છે ને પાણી દૂધને ભાવે ખપે છે. એક જમાનામાં દૂધ સંપૂર્ણ ખોરાક ગણાતું, તે હજી સંપૂર્ણ ખોરાક છે જ, પણ ડેરીઓ માટે ! બે દિવસ ઉપર જ અમુલ ડેરીએ દૂધનો ભાવ રાતોરાત જ લિટરે ત્રણ રૂપિયા વધારી દીધો છે. એણે ગયા ઓગસ્ટ, ઓક્ટોબરમાં પણ ભાવ વધારેલો જ, પણ ૨૦૨૩નાં વર્ષમાં મહિનો થઈ જવા છતાં ભાવ વધારવાનું અમુલને યાદ જ ન આવ્યું, તે કદાચ પોતાનું દૂધ પીવાની અસર નહીં થતી હોય એટલે હશે કે બીજું દૂધ પીધું હશે તેથી, પણ એકાએક યાદ આવ્યું, એટલે ફેબ્રુઆરીની શરૂઆતમાં જ ભાવ વધારી દીધા ને બીજું દૂધ પીવાનું ચાલુ રહેશે તો ભાવવધારો નિયમિતપણે જળવાઈ રહે એમ બને. અમુલ ગુજરાતની ડેરી છે એવું યાદ આવ્યું હશે કે કેમ, પણ તેણે આ ભાવવધારો ગુજરાતમાં લાગુ ન કરીને ગુજરાતની દયા ખાધી છે એટલે અહીંનાં બાળકોને તો જૂના ભાવે તંદુરસ્તી જળવાશે, પણ અન્ય રાજ્યોનાં બાળકોને એ લાભ વધેલા ભાવે જ જાળવવાની છૂટ છે. એમ બધાંની દયા ખાતાં પાર કયાં આવે ? આખી દુનિયાની વસ્તીનો રેકોર્ડ ભલે ભારત તોડે, પણ અમુલ ભાવવધારાનો રેકોર્ડ તોડે તોય 'આણંદ' થાય. મહિને, બે મહિને ભાવ વધારતા જઈને ગિનેસ બુકમાં નામ નોંધાવવાનું સહેલું નથી. એમાં વળી અમુલ તો પ્રમાણિક દૂધ ડેરી છે. દૂધાળું ઢોરને પોતાનું દૂધ માફક નહીં આવતું હોય કે અન્ય કોઈ કારણે, દૂધ, ડેરીમાં ભરાય છે, પણ દાણના ભાવ વધ્યા, ઘાસ મોંઘું થયું, ઉત્પાદન ખર્ચ વધ્યું. જેવાં અગાઉ આપેલાં તે જ કારણો ભાવ વધારવા માટે અમુલે આપ્યાં છે. અમુલ ડેરીનો ઉપકાર એટલો કે તે કિંમત વધારે છે, પણ પેકિંગમાં લિટરથી ઓછું દૂધ આપતી નથી. પ્રોમિસ એટલે પ્રોમિસ ! પ્રાણ જાય, પણ વચન...

એનાથી ઊલટું પારલે-જી બિસ્કિટનું છે. પારલે કંપની કિંમત વધારતી નથી, પણ વજન ઘટાડે છે. તેનું ૫ રૂપિયાનું પેકેટ ૧૯૯૪થી ૨૦૨૧ સુધી ૪ રૂપિયામાં મળતું હતું. એ હવે ૫ રૂપિયાનું થયું છે. વચ્ચેનાં વર્ષોમાં ભાવ વધારી શકાય એમ ન હતું, કારણ પાર્લે ગ્લુકો જોડે બાળકોને અને ઘણાંને એક પ્રકારનું અનુસંધાન હતું. એટલે ભાવ ચાર રૂપિયા રાખીને કંપનીએ ૧૦૦ ગ્રામ વજન ઘટાડી અનુક્રમે ૯૨.૫, ૮૮, ૫૫ ગ્રામ કર્યું. ૫૫ ગ્રામ વખતે ૪નાં ૫ રૂપિયા થયા. આજે પણ ૫ રૂપિયામાં બિસ્કિટ્સ તો મળે છે, માત્ર વજન ૪૫ ગ્રામ થયું છે. હા, ૫ ગ્રામ એકસ્ટ્રા પણ અપાય છે. ૫ રૂપિયામાં ૫ ગ્રામનું તો કંપની જ દાન કરે છે. બહુ આનંદ થાય છે કે આપણી પ્રજાને સરકાર મફત અનાજ આપે છે, પાર્લે કંપનીની જેમ કેટલીય કંપનીઓ આપણને તેલ, ઘી જેવી ઘણી સામગ્રી એકસ્ટ્રા આપે છે, એ ઉપરાંત બીજા કેટલાં બધાં તો ડિસ્કાઉન્ટ પણ આપે છે, આખો દેશ એક ઉપર એક ફ્રી, ડિસ્કાઉન્ટ, એકસ્ટ્રા, ફ્રી ને એવી જાતભાતની સ્કિમો ઉપર નભે છે. કમાલ છે ને કે આપણે જીવદયા ઉપર, રામ ભરોસે કેટલી બધી પ્રગતિ કરી નાખી છે !

અમુલે ભાવ વધાર્યો, પણ વજન પૂરૂ આપ્યું, પારલેએ ભાવ ન વધાર્યો ને વજન ઘટાડ્યું, જ્યારે પતંજલિએ ભાવ પણ વધાર્યો ને વજન પણ ઘટાડ્યું. ગયા ઓક્ટોબર સુધી પતંજલિનું એક શેમ્પૂ ૨૦૦ એમએલના ૧૦૫ રૂપિયાના ભાવે મળતું હતું, તે નવા પેકિંગમાં ૧૨૦ના ભાવે ૧૮૦ એમએલ લઈને આવ્યું છે. ૧૫ રૂપિયા વધ્યા ને ૨૦ એમએલ ઘટ્યું. આ ત્રણેક કંપનીની તો નમૂના દાખલ વાત કરી, બાકી, આવું બીજી ઘણી કંપનીઓ દ્વારા કરમુક્ત મનોરંજન અપાતું જ રહે છે, શરત એટલી કે પૈસા ફેંકો, તમાશા દેખો. ૧૫ રૂપિયા વધારે આપો ને ૨૦ એમએલ ઓછું મેળવો ને એવું એવું તો આપણે એટલું બધું પામીએ છીએ કે છેડો જ ન આવે ને છેડો મૂકવાનું મન થાય તે નફામાં ! બિસ્કિટનું પેકેટ લો, તો તેનાં પર ટેક્સ ! કોઈ વેપાર તમારે નામે ન કરો, તો પણ જીએસટી તો ખરો જ ! જીએસટીમાં ને જીએસટીમાં તો સરકાર તરી ગઈ ને બીજાં ઘણાં તો હજી ગળચકાં ખાતાં પરવારતાં જ નથી. કોઈ હોટેલમાં જાવ, તો ખાધાં વગર બહાર આવશો, પણ ટેક્સ વગર નહીં અવાય. ટ્રેનમાં જાવ, પ્લેનમાં જાવ, ટેક્સ ખરો જ. ઓક્સિજન સિલિન્ડર કે ગેસનું સિલિન્ડર, બંને કહેવાય તો સિલિન્ડર જ. એટલું આપણે ગિલિન્ડરો સમજીએ જ છીએ ને આપણે સમજીએ કે ના સમજીએ ટેક્સનો ધર્મ છે લાગવાનો એટલે એ તો લાગવાનો જ ! એ બધા ઉપર ટેક્સ ચૂકવ્યા પછી, વર્ષને અંતે ઈન્કમ ટેક્સ પણ ભરવાનો. ઈન્કમ હોય કે ન હોય, ટેક્સ તો હોય જ ! ત્યારે કોઈ પૂછે કે સાહેબ, સેલ્સટેક્સ, સર્વિસટેક્સ, ડ્યૂટી, જીએસટી વગેરે વગેરે ચૂકવી તે રકમ ઈન્કમમાંથી જ ગઈ છે, તો તે મજરે આપો ને, તો સાહેબ કહેશે, લલ્લુ, ૫૦ હજાર સ્ટાન્ડર્ડ ડિડક્શન દાંડિયા રાસ રમવા આપ્યું છે? ને લલ્લુ કહે કે ૫૦૦૦૦થી વધારે ગજવામાંથી જાય છે ને ઈન્કમ જેવું તો કંઈ રહેતું જ નથી, તો સાહેબ કહેશે, બેટા, ઈન્કમ ન હોય તો સરકાર માઈબાપની મફત અનાજની લાઈનમાં ઊભો રહી જા. આટલાં બધાંને મફતનું ખાવાની ટેવ પાડી છે તે એકાદ બે મફતિયા વધી જશે તો સરકારને કંઈ ખૂટવાનું નથી. સરકાર આમ પણ દયાળુ છે, ભલે વજન વધારે હોય, પણ તું ભારે નહીં પડે ! ટૂંકમાં, આપણા પર કેટલાં બધાંની મહેર છે તેનું આપણને ભાન જ નથી. પારલે કંપની ૫ ગ્રામ એકસ્ટ્રા આપે ને તેય ૫ રૂપિયામાં. એ લાભ વહેલી તકે લઈ લેવો જોઈએ. અત્યારે ૫ રૂપિયામાં ૫૦ ગ્રામ તો આવે છે ! એવું ન થાય કે કાલે ૫ રૂપિયાનું પેકેટ લેવા જઈએ ને હાથમાં બિસ્કિટને બદલે રેપર જ આવે. આટલી મોંઘવારીમાં ૫ રૂપિયાનું રેપર મળે તે ઓછું છે ? એક સમય હતો જ્યારે સ્ટાન્ડર્ડ રેટ ને વેટનો જમાનો હતો. જે ભાવે તે ખવાય, પણ ગમે તે ભાવે વેચાય નહીં. એવી જ રીતે વજન ૧૦, ૨૦ કે ૫, ૧૦નાં ગુણાંકમાં જ નક્કી થતું. એ હવે બદલાઈ ગયું છે. એક બિસ્કિટ ૯.૪૫૪૬ ગ્રામનું પણ હોય. તેલ, દિવેલ ૪૫૨.૫૧૪૨ એમએલ પણ ભરાય. તમને શંકા હોય તો જાતે વજનિયા લાવીને ભજનિયા ગાઈ લો. એક જમાનામાં તોલમાપ-ધારો હતો. હવે તોલમા-પધારો તેવી સ્થિતિ છે. શું છે કે હવે બધું મુક્ત થઈ ગયું છે, એટલે અર્થતંત્ર પણ મુક્ત થયા વગર કેમ રહે? એ ખબર નથી પડતી કે આ જ જો મુક્ત અર્થતંત્ર હોય તો અનર્થતંત્ર કોને કહેવાતું હશે ?

આ મોંઘવારી મોંઘવારીનું શું માંડ્યું છે તમે લોકોએ ? સરકાર આટલાં મોંઘા ઘઉં, ચોખા ખરીદતી હોય, તેનેય બધા જ ટેક્સ લાગતા હોય અને તે જો અનાજ મફત આપી શકતી હોય, તો આપણે શેનાં મોંઘવારીની મેથી માર્યા કરીએ છીએ ? સાચું તો એ છે કે આપણને ટેવ પડી ગઈ છે, રડવાની, બાકી કેટલા બધા એવા છે જેમને હજાર રૂપિયે લિટર પેટ્રોલ થાય તોય પેટનું પાણી હાલે એમ નથી, ન જ હાલે, કારણ પેટમાં પાણીને બદલે પેટ્રોલ પડેલું છે. એક બાજુ સરકાર બજેટમાં, કરદાતાને હજારો રૂપિયાનો ફાયદો, જુદી જુદી સ્કિમ હેઠળ કરાવી શકતી હોય ને તે જો ટેક્સ જતો કરી શકતી હોયતો આપણે શેનું કૂટયાં કરીએ છીએ, આખો દિવસ ? મોંઘવારી તો સરકારનેય લાગે જ છેને ! એને ટેક્સ ન લાગે, પણ મોંઘવારીય ન લાગે એવું નથી ! સીધી વાત છે કે કમાવું તો સરકારે પણ હોય જ છે. તેને માટે ટેક્સ નાખવો જ પડે ને ટેક્સ પડે એટલે વસ્તુ મોંઘી થાય જ. થોડી ધીરજ રાખો, એવી સ્કિમ આવવાની છે કે બધું જ મોંઘું થાય તો પણ લોકોને ટેક્સ ભરવામાંથી જ ફુરસદ નહીં મળે. ટેક્સ ભરવાનું કામ આપીને સરકાર બેકારી ઘટાડે એમ બને. એ મજૂરી જ એવી હશે કે માથું જ ન ઊંચકાય, કરદાતા જ 'ઊંચકાઈ' જાય ! માથું ઊંચકાય તો મોંઘવારીની બૂમ ઊઠેને ! મોંઘવારી દૂર કરવાનો આનાથી મોટો બીજો કીમિયો નથી.

માનીએ કે ન માનીએ પણ આપણે તો છેક હવે આઝાદ થયાં છીએ. કંઈ પણ કરો, કોઈ પૂછે જ નહીં ! આવી આઝાદી અગાઉ હતી ? કોઈને ભાવ આપો કે ગમે તે ભાવ લો, કોઈ ના પૂછે. અંગ્રેજોના વખતમાં ૯૨.૫ ગ્રામનું કે ૪૫ ગ્રામનું બિસ્કિટનું પેકેટ હતું ? કાલે ઊઠીને કોઈ ૧.૨૩૪ ગ્રામ ચોખાનો ભાવ ૪.૩૨૧ રૂપિયા માંગે ને કોઈ ૪.૫૬૭ રૂપિયાની કડકડતી નવી નોટ ધરીને બાકીના રોકડા માંગે તો આપવા પડે એનું નામ મુક્ત અર્થતંત્ર. આજે ફરિયાદ કોઈ કરતું નથી. કરે તો તેનું ભાગ્યે જ કંઈ ઊપજે એમ છે. કોઈ નાનો વેપારી પાંચ રૂપિયાનું પેકેટ ૬ રૂપિયામાં વેચે તો તેની સામે ફરિયાદ થઈ શકે, પણ કોઈ કંપની ૨.૪ રૂપિયામાં ૩.૨ ગ્રામ બિસ્કિટ આપે તો તેને પડકારી શકાય કે કેમ તે નથી ખબર ને હવે તો નાનો વેપારી ૫નું પેકેટ ૬માં વેચે તે કંપની કંઈ અક્કલ વેચીને બેઠી છે કે તે પોતે જ ૫નાં ૬ છાપીને ન વેચી શકે ? નાનાં વેપારીનું એ ગજું નથી કે તે ૫નાં ૬ કરે, એ કામ હવે કંપનીઓએ જ માથે લઈ લીધું છે. નકામી એ બિચારાને કાળા બજારની તક ક્યાં આપવી ? સાચું ખોટું તો ક્યાં કરવા જવું, પણ આપણે ભ્રષ્ટાચારમાં, અત્યાચારોમાં, ખૂનામરકીમાં, કાયદા ચાતરવામાં, દવાદારૂમાં વૈશ્વિક સ્તરે આખી દુનિયાને પાછળ પાડી દીધી છે. કોઈ દેશે સ્વતંત્રતા પ્રાપ્ત થયાનાં ૭૫ વર્ષમાં જ આટલી પ્રગતિ કરી હોય એવો બીજો દેશ દેખાતો નથી. તમને દેખાય છે ?

# ભવનાથ ખાતે આવેલા ભારતી આશ્રમમાં શિવરાત્રી પર્વની ભકિતભાવ પૂર્વક ઉજવણી થશે

## ધ્વજા રોહણ, સંતવાણી અને પ્રસાદ ભોજન સહીતના અનેક વિવિધ કાર્યક્રમો યોજાશે, ભાવિક, ભક્તોને ભાવભર્યુ નિમંત્રણ

જૂનાગઢ, તા. ૧૩

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થક્ષેત્રમાં આગામી તા.૧૫ મી ફેબ્રુઆરીથી શરૂ થતા શિવરાત્રી મેળા અંગેની તડામાર તૈયારી ચાલી રહી છે. ભારતી આશ્રમ ખાતે પણ દર વર્ષેની જેમ આ વર્ષે પણ અનેક વિવિધ કાર્યક્રમ સાથે શિવરાત્રી પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવશે અને ભાવિક, ભકતોને ભજન, ભોજન અને ભકિતનો લ્હાવો માણવા અનુરોધ કરાયો છે.

દત્ત અને દાતારના જયાં બેસણા છે, સ્વયંભૂ ભવનાથ મહાદેવ જયાં બિરાજમાન છે એવી પવિત્ર તિર્થ ભૂમિ ગિરનાર ક્ષેત્રમાં દર વર્ષે મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. દર વખતની જેમ આ વર્ષે પણ ભારતી આશ્રમમાં મહાશિવરાત્રીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે તા.૧૫-૨-૨૩ થી ૧૮-૨-૨૩ દરમ્યાન મહાશિવરાત્રી મેળાનં ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ભારતી આશ્રમના ગાદીપતિ મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ હરીહરાનંદ ભારતી બાપુ તેમજ લઘુ મહંત મહાદેવ ભારતી બાપુ, સર્વે સાધુ-સંતો, મહંતો તથા ભાવિક ભકતોને મહાશિવરાત્રીના મેળામાં પધારવા તથા ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમનો આનંદ લેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.



શિવરાત્રી મેળા દરમ્યાન તા.૧૫-૨-૨૩ ના રોજ સવારે ૯ કલાકે ધ્વજારોહણ, તા.૧૫ થી ૧૭ દરમ્યાન ભોજન પ્રસાદ તથા તા.૧૮ ના રોજ ફળાહાર પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. તા.૧૬ થી ૧૮ દરમ્યાન રાત્રે ૯ કલાકે નામી -અનામી કલાકારો ભજન-સંતવાણી પીરસશે. તા.૧૮ના રાત્રે ૧૨ કલાકે શાહી સ્નાનની સાથે કાર્યક્રમની પુર્ણાહુતિ થશહે. આ મહાશિવરાત્રી મહોત્સવમાં ભારતી આશ્રમ ખાતે ભજન-ભોજનનો આનંદ લેવા અચુક પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.

### મહાશિવરાત્રીના પાવન પર્વ પ્રસંગે

# સોમનાથ મંદિરનાં સમુદ્રકિનારે ભક્તો સ્વહસ્તે પાર્થેશ્વર શિવલિંગનું મહાપૂજન કરી શકશે

## મહાશિવરાત્રીના દિવસે સવારે ૧૦થી ૧૧ મારૂતિ બીચ ખાતે પૂજા કરાવવાનું આયોજન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

મહાશિવરાત્રીના પાવન પર્વે શિવભક્તો સોમનાથ મહાદેવની વિવિધ પ્રકારે આરાધના કરતા હોય છે. ત્યારે વિશેષ રૂપે જ્યોતિર્લિંગ ક્ષેત્રમાં શિવ પુજનનું શાસ્ત્રમાં અનેરૂ મહાત્મય વર્ણવવામાં આવ્યુ છે ત્યારે આગામી તા.૧૮ ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તો સોમનાથ મહાદેવના ચરણોમાં રત્નાકર સમુદ્રના તટ ઉપર પાર્થિવ લિંગની પૂજા કરી શકે તેવા ઉત્તમ કાર્યક્રમનું સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે.



આપણા શાસ્ત્રો અનુસાર પાર્થિવેશ્વર પૂજા ભગવાન શ્રી રામ અને માતા સીતા દ્વારા ગંગા પાર કરતી વખતે કરવામાં આવી હતી તેમજ પાંડવ પુત્ર અર્જુને ભગવાનશિવના પાર્થિવલિંગની પૂજા કરી હોવાનો ઉલ્લેખ છે. આ રીતે શિવના પાર્થિવ લિંગની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે તેની શાસ્ત્રો સાબિતી આપે છે. શાસ્ત્રોકત નીતી નિયમ અનુસાર આમંત્રણ આપેલી પવિત્ર ભુમિમાંથી ખનન કરીને મંત્રોચ્ચાર સાથે નિર્માણ કરાયેલ શિવજીના પાર્થિવેશ્વર શિવલિંગ, પૂજા સામગ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભકતોને આપવામાં આવશે. મહાશિવરાત્રીના પર્વે સવારે ૧૦ થી ૧૧ વાગ્યે સોમનાથ મંદિર પરીસર નજીક પ્રમોનેડ વોક-વે ઉપર મારૂતિ બીચ ખાતે આ વિશેષ પૂજાનું સુંદર આયોજન થનાર છે. ત્યારે આ પૂજામાં સીમિત સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લઈ શકે તેમ હોય વહેલા તે પહેલાના ધોરણે સોમનાથ મંદિર ખાતે પૂજા નોંધાવાની રહેશે.

### મોંઘા રિચાર્જથી મળશે છુટકારો...

# TRAIએ બનાવી નવી યોજના, રિચાર્જ પ્લાનની કિંમત થઈ જશે અડધી




નવીદિલ્હી તા. ૧૩

આજકાલ ટેલીકોમ કંપનીઓ જેમ કે એરટેલ, વોડાફોન-આઈડિયા અને જિયો સહિત તમામ ટેલિકોમ કંપનીઓના રિચાર્જની કિંમત સતત વધી રહી છે. જેના કારણે સામાન્ય લોકો માટે મોબાઈલમાં બે-બે સિમ રાખવા લગભગ અશક્ય થઈ રહ્યા છે. તાજેતરમાં, એરટેલ દ્વારા ૯૯ રૂપિયાનો સૌથી સસ્તો રિચાર્જ પ્લાન બંધ કરવામાં આવ્યો છે.

એરટેલનો સૌથી સસ્તો રિચાર્જ પ્લાન ૧૫૫ રૂપિયામાં આવે છે. હવે TRAI આ સમસ્યાનો ઉપાય લાવી રહી છે અને તે લોકોને ફાયદો થાય તેવો પ્લાન લાવવાની તૈયારી કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) ડ્યુઅલ સિમ યુઝર્સ માટે માત્ર ઈનકમિંગ અને એસએમએસ પ્લાન લોન્ચ કરી શકે છે. એટલે કે આ પ્લાન્સમાં માત્ર ઈનકમિંગ કોલ અને એસએમએસની સુવિધા ઉપલબ્ધ હશે. આ તે વપરાશકર્તાઓ માટે શ્રેષ્ઠ રહેશે જેઓ ડ્યુઅલ સિમ એક્ટિવ રાખવા માંગે છે. આ સાથે બીજા સિમનું રિચાર્જ અડધુ થઈ જશે.

જોકે, ટેલિકોમ કંપનીઓને સરકારની આ યોજના પસંદ નથી આવી રહી. સરકારનું માનવું છે કે તાજેતરના સમયમાં દેશની મોટાભાગની વસ્તી અફોર્ડેબલ પ્રાઈસમાં મોબાઈલ ટેરિફની સુવિધાનો લાભ ઉઠાવી શકતી નથી. એવામાં સરકાર તરફથી ટેલિકોમ કંપનીઓની સામે ઓછી કિંમતમાં કોલ અને એસએમએસ ઓનલી પ્લાનનો વિચાર રજૂ કરાયો છે. તેનાથી નવા યૂઝર્સને ઉમેરવામાં મદદ મળશે. દરમિયાન ટેલિકોમ ક્ષેત્રની કંપનીઓ જેમ કે જિયો, એરટેલ અને વોડાફોન-આઈડિયાનું કહેવું છે કે, આ પ્રકારના પ્લાનથી એવરેજ રેવન્યુ પર યૂઝર એટલે કે ARPUને વધારવામાં મદદ નહીં મળે. ટેલિકોમ ફર્મ મુજબ, ઈનકમિંગ હોય કે આઉટગોઈંગ, નેટવર્કનો ઉપયોગ બંનેમાં થશે. તેનાથી ટેલિકોમ સેકટરના રિસોર્સનો ઉપયોગ થશે. જ્યારે કે તેના બદલામાં કમાણી ઓછી થશે જે ટેલિકોમ કંપનીઓને નુકસાન પહોંચાડી શકે છે.

### ‘કર્ણાવતી લિટ્રેચર એન્ડ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩’ના ત્રીજા દિવસે

# ગુજરાતી સિનેમા, ભારત અને ભારતીય ઈતિહાસ તથા પુરાણો જેવા વિષયો ઉપર ખૂબ જ રસપ્રદ ચર્ચાઓ થઈ

અમદાવાદ ૧૩

કર્ણાવતી લિટ્રેચર એન્ડ ફિલ્મ ફેસ્ટિવલ (કેએલએફએફ) ૨૦૨૩ સાચા અર્થમાં ફિલ્મ અને સાહિત્ય તથા એકંદરે સમાજને સ્પર્શતા વિવિધ વિષયો પર વિચારોનું આદાન-પ્રદાન કરવા માટેનું એક અદભૂત મંચ બની ગયો છે. કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા આયોજિત કેએલએફએફ ૨૦૨૩ના ત્રીજા દિવસે ગુજરાતી સિનેમા, ભારતીય ઈતિહાસ, હિંદુત્ત્વને લગતાં નિવેદનો, ભારતીય પુરાણો અને બીજી ઘણાં બધાં વિષયો પર રસપ્રદ ચર્ચાઓ થઈ હતી. કર્ણાવતી યુનિવર્સિટી એ રાજ્યની ખાનગી યુનિવર્સિટી છે, જે શિક્ષણમાં શ્રેષ્ઠતા અને ઈન્ટરડિસિપ્લિનરી લર્નિંગ પર કેન્દ્રીત છે.

કેએલએફએફમાં ઉપસ્થિત રહેલા જાણીતા લેખક ક્રિસ્ટોફર સી. ડોયલે ‘ઈન્ડિયન માયથોલોજી -બ્રિંગિંગ યૂથ બૅક ટુ ફોલ્ડ’ પરના સેશનને સંબોધ્યું હતું. આ સેશન દરમિયાન શ્રી ડોયલે સમગ્ર વિશ્વમાં લખાયેલી વાર્તાઓ અને ઘટેલી ઘટનાઓના વિરોધાભાસ પર ધ્યાન દોર્યું હતું અને તેને મહાભારત સાથે સાંકળી હતી. પોતાના સંબોધનમાં તેમણે વિદ્યાર્થીઓને ઈજિપ્તના ભવ્ય પીરામિડો, પથ્થર યુગ વગેરે અંગેના તથ્યો અને રહસ્યો અંગે અદભૂત જાણકારી પૂરી પાડી હતી. સુપ્રીમ કૉર્ટના એડ્વોકેટ અને જાણીતા લેખકશ્રી જે. સાંઈ દીપક અને કોન્સોર્યિટલ લીગલના સહ-સ્થાપક પાર્ટનર શ્રી સત્યેન્દ્ર શ્રીવાસ્તવે ‘ઈન્ડિયા ધેટ ઈઝ ભારત’ થીમ પર વાત કરતાં હિંદુઓ કેવી રીતે વૈશ્વિક લઘુમતી છે, તે અંગે વાત કરી હતી.

શ્રી જે. સાંઈ દીપકે જણાવ્યું હતું કે, ‘હિંદુઓ એક વૈશ્વિક લઘુમતી છે, જેમનું અસિત્ત્વ જોખમમાં છે. આથી જ તેમણે જાગૃત થવાની અને આ સમસ્યા અંગે વિચારવાની જરૂર છે. આખરે તો આપણે આ અંગેની નીતિ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. ભારતમાં ૨૦૧૪ની સાથે એક સ્પષ્ટ બદલાવનું પ્રતિનિધિત્ત્વ કરનારું રાજકીય પરિવર્તન આવ્યું હોવાનું દેખાઈ રહ્યું છે. આ બાબત સ્પર્ધાત્મક રાજકીયવિકલ્પોના મહત્ત્વને પણ સૂચવે છે.’ તેમણે દેશની શૈક્ષણિક પ્રણાલીમાં ઈતિહાસને વિકૃત બનાવવા અંગેપણ વાત કરી હતી.

‘કલમ સે’ નામના સેશન દરમિયાન લેખક અને દિગ્દર્શક સુશ્રી રૂચી જોશી, જાણીતા પટકથા લેખિકા સુશ્રી ઉર્મી જુવેકર તથા લેખિકા સુશ્રી નેહલ બક્ષીએ લેખનની સર્જનાત્મક પ્રક્રિયા અંગે વાત કરી હતી. સુશ્રી રુચી જોશીએ વિવિધ પ્રકારનું પાત્રાલેખન કરવાની પ્રક્રિયા અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘એક પાત્ર જ વાર્તાને આગળ વધારે છે. વાર્તાકારે કલ્પનાના ઘોડા વધારે દોડાવાને બદલે વાર્તાને વધુને વધુ રસપ્રદ બનાવવા વિવિધ સંભાવનાઓની સાથે આગળ આવવાની જરૂર છે.’ તો બીજી તરફ, સુશ્રી ઉર્મી જુવેકરે પટકથા લેખનના પડકારો અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘પટકથા લેખકોને સાહિત્યનું લેખનકાર્યકરનારા લોકોથી અલગ પ્રકારની તાલીમની જરૂર પડે છે.’

ટિંકલ કૉમિક્સના ભૂતપૂર્વ સંપાદક સુશ્રી રજની થિંડિયાથ અને નેટફ્લિકસના સ્ક્રિપ્ટરાઈટર સુશ્રી સવની પારેખે ‘ટૂનઈટ અપ’ નામના તેમના સેશનમાં એનિમેશન ઈન્ડસ્ટ્રી અંગે ઊંડાણપૂર્વકની રસપ્રદ જાણકારી પૂરી પાડી હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સના વ્યાપક સ્વીકરણ અને હાલમાં જ ચેટ જીપીટી ઉમેરાવા અંગે વાત કરતાં સુશ્રી રજની થિંડિયાથે જણાવ્યું હતું કે, ‘એઆઈ ઘણાં લાંબા સમયથી છે. હાલમાં તેણે એનિમેશન અને લેખનકાર્યમાં પગપેસારો કર્યો છે. પરંતુ મનુષ્યની ભાવનાઓ અને કલ્પનાશક્તિનો કોઈ વિકલ્પ નથી. એક કન્ઝ્યુમર તરીકે આપણે તેને કેટલી હદે સ્વીકારીશું તે એક પૂછવાલાયક પ્રશ્ન છે.’

એક ગીતકાર તરીકેની પોતાની યાત્રા અંગે વાત કરતાં સુશ્રી અભિરરૂચિ ચાંદ અને ભાર્ગવ પુરોહિતે સોશિયલ મીડિયાનો યુગ કેવી રીતે ગીતો અને લીરિક્સ પર પ્રભાવ પાડશે નહીં, તે અંગે વાત કરી હતી.

સુશ્રી અભિરુચિ ચાંદે જણાવ્યું હતું કે, ‘તમે જ તમારા પોતાના જજ છો. તમારે શા માટે ગીતકાર બનવું જોઈએ તે અંગેના તમારા ઈરાદાઓ ખૂબ જ સ્પષ્ટ હોવા જોઈએ. ઘણીવાર પહેલાં કમ્પોઝિશન બની જતી હોય છે અને તેની પર ગીત લખવાનું કહેવામાં આવતું હોય છે. જે ઘણીવાર પડકારરૂપ બની જાય છે. ઘણી વાર શ્રેષ્ઠ લાઈનોને કાપી નાંખવામાં આવતી હોય છે.’

કેએલએફએફ ૨૦૨૩માં ગુજરાતી સિનેમા અને તેના વિકાસ અંગે કેટલીક તીખી ચર્ચા પણ થઈ હતી. પબ્લિસિસ્ટ શ્રી ચેતન ચૌહાણની સાથે પટકથા લેખક અને સંવાદ લેખક શ્રી કેયુ શાહ; અભિનેતા અને પ્રોડ્યૂસર સુશ્રી આરતી પટેલ; ‘હેલ્લારો’ના પ્રોડ્યૂસર, એડિટર અને સહ-લેખક શ્રી પ્રતીક ગુપ્તા; શ્રી મનિષ સૈની; ફિલ્મ ડિરેક્ટર શ્રી મિખિલ મુસાલે તથા ફિલ્મ પ્રોડ્યૂસર શ્રી વૈશલ શાહ પણ આ ચર્ચાનો હિસ્સો હતાં. શ્રી વૈશલ શાહે જણાવ્યું હતું કે, ‘ગુજરાતી ફિલ્મે ઓસ્કારમાં ગર્જના કર્યા બાદ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગે નવું શિખર સર કર્યું છે. કોવિડ-૧૯ પછી ઘણી ગુજરાતી ફિલ્મોએ સારી કમાણી કરી છે.’

જાણીતી ગાયિકા સુશ્રી શ્રુતિ પાઠક, સંગીતકાર અને ગાયક શ્રી અરવિંદ વેગડા તથા ગાયિકા અને ગીતકાર સુશ્રી મિરાંદે શાહે ‘સાઉન્ડિલિશિયસ’ નામના સેશનને સંબોધતી વખતે સંગીત અને સાઉન્ડ્સ પર રસપ્રદ ચર્ચા કરી હતી.

ડીઝાઈન સ્ટ્રેટેજિસ્ટ કાબ્યા શ્રી બોર્ગોહેનની સાથે ભારતીય ફિલ્મનિર્માતા રિમા દાસે તેમના સેશન ‘ધી વિલેજ રોકસ્ટાર્સ’ દરમિયાન કેટલાક રસપ્રદ દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા. આ દરમિયાન અગ્રણી ફિલ્મ પબ્લિસિસ્ટ સુશ્રી પારુલ ગોસાંઈએ પ્રિન્સિપલ ડિજિટલ કન્ટેન્ટ પ્રોડ્યૂસર - ટાઈમ્સ ઈન્ટરનેટ લિમિટેડ, શ્રી સંજય મિશ્રા; આસિસ્ટન્ટ ડિરેક્ટર - એન્ટરટેઈન્મેન્ટ, પિંકવિલા શ્રી અવિનાશ લોહાના અને કન્ટેન્ટ કોશના સ્થાપક સુશ્રી દીપાલી ચટવાનીની સાથે પાપારાઝીના નવા યુગ વિશે વાત કરી હતી. ‘ફિલ્મી કીડા’ નામનું પણ એક રસપ્રદ સેશન યોજાયું હતું, જેમાં જાણીતા ભારતીય પટકથા લેખક શ્રી અમિત વી. માસુરકર અને લેખિકા સુશ્રી આસ્થા ટિકુએ ભાગ લીધો હતો. લેખક અને ક્યુરેટર શ્રી મધુ રાઘવેન્દ્રે ‘કવિતાની કાયાપલટ’ અંગે વાત કરી હતી.

કેએલએફએફ ૨૦૨૩ એ એક ઉત્સવી પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આશ્ચર્યજનક સર્જનાત્મક મુલાકાતો દ્વારા સાહિત્ય, ફિલ્મ, રંગભૂમિ, લોકકલા અને સંસ્કૃતિના જેવા ક્ષેત્રોના ફલકને વિસ્તારવાનો છે. આ ફેસ્ટિવલમાં વક્તાઓના જકડી રાખનારા સત્રો, સંવાદાત્મક પેનલ ચર્ચાઓ, કાર્યશાળાઓ અને અનેકવિધ પર્ફોમન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કર્ણાવતી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી રિતેશ હાડાએ જણાવ્યું હતું કે, ‘કર્ણાવતી યુનિવર્સિટીમાં અમારો એવો નિરંતર પ્રયત્ન રહ્યો છે કે, વિવિધ વિષયો પર અર્થપૂર્ણ વાર્તાલાપો અને સંવાદો માટે વિવિધ પ્રકારના પ્લેટફૉર્મની રચના કરવામાં આવે. આપણે દિવસેને દિવસે સોશિયલ મીડિયા અને માહિતીની ભરમારના યુગમાં સતત પરિવર્તનશીલ વિશ્વને અપનાવી રહ્યાં છે અને તેમાં સંલગ્ન થઈ રહ્યાં છીએ, જેમાં એકાગ્રતા દિવસને દિવસે ઘટી રહી છે, ત્યારે કેએલએફએફ એ વાર્તાકારો, લેખકો અને ઓરિજિનલ કન્ટેન્ટ રચયિતાઓના દ્રષ્ટિકોણો અને વિચારોને પરત લાવવાનો એક પ્રયત્ન છે, જેઓ આપણા રોજિંદા જીવન, આપણી આસપાસની દુનિયામાંથી અને એટલું જ નહીં વૈકલ્પિક વાસ્તવિકતાઓમાંથી વાર્તાઓને શોધવા અને કહેવા માટે સતત રચનાત્મક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા રહે છે.’

# માણાવદરમાં ૨૦ જુન, ૧૯૭૯ ના દિવસે ગાંધીજીની પ્રતિમા સ્થાપિત કરાઈ હતી




માણાવદરનો હૃદય સમો ચોક એટલે ગાંધી ચોક. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુરા કદની પ્રતિમા માણાવદરમાં સૌપ્રથમ મુકાઈ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પહેલા મોહનદાસ કરમચંદ ગાંધી હતા ત્યારથી નાતો છે. ગત તા.૩૦-૧-૨૩ ને સોમવારે ૭૫ મો શહીદ દિન હતો. ત્યારે માણાવદર, ગાંધી પ્રતિમા ને ગાંધી ચોક યાદ આવે છે. માણાવદરના ગાંધી ચોકનો એક જમાનો હતો. એ માત્ર નગરપંચાયત કચેરી, તેજુરી ઓફીસ, બેંક છે. મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત ઓફીસ અન્ય નવી બિલ્ડીંગમાં ફેરવાઈ ગઈ, હવે માત્ર ગાંધી ચોકમાં પુરા કદની પ્રતિમા હાથમાં લાકડી અને ગોળ ચશ્મા પહેરી કાંસ્ય પ્રતિમા માણાવદર નગરપંચાયતના લોકપ્રિય પ્રમુખ છોટુભાઈ કારીયાએ તા.૨૦-૬-૧૯૭૯ ના દિવસે ગુજરાત સરકારના મહામહિમ રાજયપાલ શ્રી શારદાબેન મુકરજીના વરદ્હસ્તે સ્થાપેલી છે.

ગાંધીજી અને માણાવદરને પુરાણો નાતો છે. ગ્રામ દક્ષિણા મુર્તિ આંબલા અધ્યાપન મંદિરના તેજસ્વી વિદ્યાર્થી આજીવન ગાંધીવાદી ખાદી ધારી, મુળશંકરભાઈ ભટ્ટ અને નાનાભાઈ ભટ્ટના વિદ્યાર્થી મોહનલાલ માધવજી રાવલે સને ૧૯૪૯ થી ૧૯૫૧ સુધી પ્રાથમિક શિક્ષક તરીકેની તાલીમ લીધી. ‘ગાંધીજીની દિનવારી’ નામના ગ્રંથમાંથી નોંધ કરેલી માહિતી પ્રમાણે મહાત્મા ગાંધીજી માણાવદરમાં તા.૮-૪-૧૯૧૫માં પધાર્યા હતા. અમરેલીથી કુંકાવાવ થઈ માણાવદર આવ્યા હતા. માણાવદરના ગાંધીચોકમાં મીટીંગ કરી માંગરોળમાં ખારવાના બહેનોની સભા કરી, માંગરોળ શેખ સાહેબની મુલાકાત લીધી હતી. રમઝાન મહિનો હોય ફરાણ માટે નિમંત્રણ આપ્યું. માંગરોળમાં અતિ ઉત્સાહ અને ઉમંગથી મહાત્મા ગાંધીજીનો મંચ તુટયો, અન્ય કોઈ ઉપાધી આવી નહીં. માણાવદરથી માંગરોળ અને મુંબઈ જવા આગબોટમાં ગયા હતા.

મુંબઈમાં મહાત્મા ગાંધીજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું તત્વજ્ઞાન એ વિષે હીરાબાગ મુંબઈમાં નર્મદાશંકર દેવશંકર મહેતાના અધ્યક્ષસ્થાને જાહેર પ્રવચન આપ્યુંહતું. ગાંધીવાદી મોહનભાઈ રાવલે નોંધે છે કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો તા.૨/૧૦/ ૧૮૬૯ માં જન્મ થયો અને તા.૩૦/૧/૧૯૪૮માં શહીદ થયા. આ પૃથ્વી ઉપર તેઓ ૧૨૦૭૫ દિવસ રહયા. તા.૯/૧/૧૯૧૫ના દિવસે દક્ષિણ આફ્રિકાથી હિન્દુસ્તાન પરત આવ્યા ત્યારે સવારે ૭-૩૦ કલાકે મુંબઈ બંદરે ઉતર્યા હતા અને પછી આઝાદીની ચળવળ માટે ભારત ભ્રમણ કર્યુ. જીંદગીના મોટાભાગના દિવસો ૨૧૧૯ દિવસ જેલમાં રહયા હતા. ૨૫૮૮ દિવસો વર્ધામાં રહયા. અન્ય દિવસોમાં પ્રવાસ કરી મુલાકાતો અને ચિંતન સ્વાધ્યાય કર્યુ.

માણાવદરના ગાંધીચોકમાં આવેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુરા કદની પ્રતિમાને રાષ્ટ્રીય તહેવારોએ ફુલહારથી તથા મહાનુભાવોની મુલાકાત દરમ્યાન ગાંધી વંદના થાય છે. માણાવદર બિરાદરી પ્રતિ વર્ષ ૨૨મી ઓકટોબરે આરઝી હકુમતની ચળવળથી માણાવદર નવાબી શાસનમાંથી મુકત થયું. તે દિવસને ‘માણાવદર મુક્તિ દિન’ સને ૧૯૯૮થી ઉજવે છે. ત્યારે ગાંધી વંદના અચુક કરે છે. માણાવદર નગરમાં ગાંધીચોક વિશાળ હોવાથી અને મધ્યમાં છે ત્યારે જાહેર સભાઓ, જાહેર કાર્યક્રમો, દેખાવો, ધરણાઓ, ઉપવાસ આંદોલનો, ગાંધીજીની સાક્ષીએ થાય છે.

માણાવદર નગરપંચાયત કે માણાવદર મ્યુનિસીપલ બરો દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુરા કદની પ્રતિમા ગાંધીચોકમાં સ્થાપના થઈ, ત્યારબાદ બહાર ચોકમાં ભારતીય જનસંઘ ગુજરાત પ્રદેશના પ્રથમ શહીદ વીર અને માણાવદર શહેર સુધરાઈના ઉપસભાપતિ શહીદવીર ગોરધનભાઈ ગોકળભાઈ ચૌહાણની પ્રતિમા મુકી છે. ત્યારબાદ માણાવદરના સિનેમા ચોકમાં બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેકડરની પુરા કદની પ્રતિમા મુકવામાં આવી છે.


માણાવદરના બાંટવા રોડ ઉપર હાઈવે ટચ આરામ ગૃહ પાસે રાષ્ટ્રપ્રેમી સજ્જનોએ સરદાર વલ્લભભાઈ પટેલની અર્ધા કદની પ્રતિમા મુકી છે. અન્ય રાષ્ટ્રપ્રેમી સજ્જનોએ થોડાક દિવસો પહેલા ભારત માતા અને સ્વામિ વિવેકાનંદજીની પ્રતિમા માણાવદરની કૈલાસ ભૂમિમાં સ્થાપિત કરી છે. ભારતીય જનસંઘના અખિલ ભારતીય મહામંત્રી રાષ્ટ્રીય વિચાર વાહક પંડિત દિનદયાળ ઉપાધ્યાય માણાવદર શહીદવીર ગોરધનભાઈ ચૌહાણને સાંત્વના આપવા પધાર્યા હતા. સને ૧૯૬૩માં દિવાના ચિન્હવાળી સમગ્ર ભારતમાં સૌપ્રથમ તોતીંગ બહુમતીથી માણાવદર શહેર સુધરાઈ બની હતી. સ્વ.અરજણભાઈ રવજીભાઈ પટેલ (બચુભાઈ પટેલ) સભાપતિ હતા અને ગોરધનભાઈ ગોકળભાઈ ચૌહાણ ઉપસભાપતિ હતા. સને ૧૯૫૧ માં પંડિત દિનદયાળ ઉપાધ્યાય ‘કચ્છ કરાર’ ભારતીય સાર્વભૌમત્વનું અપમાન છે એવિરાટ કાર્ય છે. ગુજરાતમાં અનેક વખત ભ્રમણ કર્યુ. ‘એકાત્મ માનવવાદ’ના માહિર પંડિત દિનદયાળ અને ભારતીય જનસંઘની વિચારધારાથી માણાવદર શહેર સુધરાઈમાં દિવાવાળી જનસંઘી સત્તા આવી.

માણાવદરને આઝાદીની ચળવળમાં મહાત્મા ગાંધીજી માણાવદર તા.૮-૪-૧૯૧૫માં પધાર્યા હતા. આરઝી હકુમતની ચળવળની પ્રથમ સફળતા માણાવદરમાં મળી, તા.૨૨/૧૦/ ૧૯૪૭ ના રોજ ભારતીય જનસંઘ દિવાવાળી માણાવર સુધરાઈના ઉપસાભાપતિની ઘાતકી હત્યા બાદ શહીદ વીર ગોરધનભાઈ ચૌહાણના પરિવાર અને સાથી કાર્યકરોને સાંત્વના આપવા માટે ભારતીય જનસંઘના અખિલ ભારતીય મહામંત્રી પંડિત દિનદયાળ ઉપાધ્યાય તા.૧/૮/૧૯૬૪ ના રોજ દિલ્હીથી માણાવદર આવ્યા હતા. રાષ્ટ્રપ્રેમીઓ ઈચ્છી રહયા છે કે, પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુરા કદની પ્રતિમા માણાવદર શહેર સ્થળે સ્થાપના થાય. માણાવદર નગર પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, ગુજરાત સરકાર અને ભારત સરકાર રાષ્ટ્રવાદી વિચારધારાથી કાર્યરત છે. ત્યારે પંડિત દિનદયાળની એકાત્મ માનવવાદનું પ્રતિક સમી પ્રતિમા માણાવદરમાં સ્થપાઈ તેમ ઈચ્છી રહયા છે.

**– મયુર રાવલ, માણાવદર મો.૯૪૨૭૭ ૩૩૦૨૯**

# વેરાવળના પ્રતિષ્ઠિત સેવાભાવી તબીબ ડો. ચગએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ચકચાર પ્રસરી, પોલીસે સુસાઈડ નોટના આધારે તપાસ હાથ ધરી






### સોશિયલ મિડીયામાં વાયરલ થઈ સામે આવેલી બે લીટીની સુસાઈડ નોટમાં બે વ્યક્તિઓના નામ સાથે તેઓના કારણે આત્મહત્યા કરતો હોવાનો ઉલ્લેખ : તબીબના આત્મહત્યા કરવાના કારણોને લઈ શહેરભરમાં અનેકવિધ ચર્ચાઓ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૩

વેરાવળના પ્રતિષ્ઠિત સેવાભાવી ૬૨ વર્ષીય તબીબે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધાની ઘટના સામે આવતા શહેર સાથે પંથકમાં ચકચાર પ્રસરી છે. તો તબીબની બે લીટીની લખેલી એક સુસાઈડ નોટ પણ પોલીસને મળી આવી છે. જેમાં બે વ્યક્તિઓના નામ હોય તે કોણ છે ? તેને લઈ તથા આત્મહત્યા પાછળ કયું કારણ હોઈ શકે તેને લઈ પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. જો કે, મૃતક તબીબના રાજકીય આગેવાનો સાથે સંબંધો હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે આત્મહત્યા પાછળના કારણોને લઈ શહેરભરમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે. સોમનાથ શહેર અને પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બનેલી ઘટનાને લઈ પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળમાં એસટી રોડ ઉપર વર્ષોથી નવજીવન હોસ્પીટલ ચલાવતા એમડી ફિઝીશયન ડો.અતુલ ચગ પોતાની હોસ્પીટલની ઉપરના ટોપ ફ્લોર ઉપર રહેતા હતા. ગતરાત્રીના સુવા ગયા બાદ આજે સવારે મોડે સુધી નીચે આવ્યા ન હતા. જેથી સ્ટાફ તેમને ઉઠાડવા ગયેલ ત્યારે કોઈ બંધ રૂમમાંથી કોઈ પ્રત્યુત્તર ન મળતા તેમના સંબંધીઓને જાણ કરી હતી. બાદમાં દરવાજો તોડીને અંદર જોતા ડો.અતુલ ચગ પંખામાં ગળાફાંસો ખાઈ લટકતી પરિસ્થિતિમાં જોવા મળેલ હતા. જેને લઈ સ્ટાફએ તબીબના સબંધીઓ અને પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસ અધિકારી સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તબીબે સુસાઈડ કર્યાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા શહેરના મોટાભાગના તબીબો ડો.ચગની હોસ્પીટલએ દોડી આવ્યા હતા. ૬૨ વર્ષીય ડો.અતુલ ચગ વર્ષોથી શહેરમાં એમડી ફિઝીશયન તરીકે સેવા કરી રહેલ અને કોરોનાકાળ સમયે તેમણે રાત-દિવસ જોયા વગર દર્દીઓની કરેલ સેવાઓની તમામ વર્ગના લોકો અને સમાજોએ નોંધ લીધી હતી. ત્યારે આવા પ્રતિષ્ઠિત અને સેવાભાવી તબીબને એવી તે કંઈ પરિસ્થિતિમાં આવી ગયા હશે કે આત્મહત્યા જેવું પગલું ભરવા મજબુર બન્યા ? જેને લઈ અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે. આ મામલે સીટી પીઆઈ એસ.એમ. ઈશરાણીના જણાવ્યા મુજબ ડો.ચગએ આજે વહેલી સવારના સમયે સુસાઈડ કર્યુ હોઈ શકે તેવું પ્રાથમિક તબીબી તપાસમાં અનુમાન છે. હાલ તબીબ એકલા રહેતા હતા અને તેમનો પુત્ર બહારગામ રહે છે. તેમના રૂમમાંથી એક સુસાઈડ નોટ મળી આવી છે જેને લઈ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટના બાદ મૃતક તબીબ ડો.ચગની બે લીટીની એક સુસાઈડ નોટ સોશીયલ મિડીયામાં વાયરલ થઈ સામે આવી છે. જેમાં કોરા કાગળમાં આજની તા.૧૨-૨-૨૦૨૩ "હું નારણભાઈ તથા રાજેશભાઈ ચુડાસમાના કારણે આત્મહત્યા કરૂ છું." અંતમાં સહી કરી છે. આ સુસાઈડ નોટમાં જે વ્યક્તિઓના નામો લખ્યા છે એ બંને વ્યક્તિઓ કોણ તેને લઈ પોલીસ તપાસ કરી રહી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, સેવાભાવી તબીબ ડો.અતુલ ચગ સામાજીક પ્રતિષ્ઠા ધરાવતા હોવાની સાથે રાજકીય આગેવાનો સાથે પણ સારા આર્થીક અને પારિવારીક સંબંધો ધરાવતા હતા. ત્યારે તબીબએ ક્યાં કારણોસર આત્મહત્યા કરી તેને લઈ અનેકવિધ ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. ત્યારે આ મામલે પોલીસ તપાસમાં શું સામે આવે છે તે જોવું રસપ્રદ રહેશે.

# ગીર-સોમનાથ જીલ્લા પોલીસ ઈન્સ. આંતરિક બદલી પોલીસ ઈન્સ્પેકટર તરીક એ.એમ. મકવાણાની નિમણુંક





(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

ગીર-સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી જાડેજાએ જીલ્લાનાં પોલીસ ઈન્સ. આંતરિક બદલીઓ કરી છે. પીઆઈ એ.એમ. મકવાણા કોડીનારથી પ્રભાર-પાટણ મુકાયા છે.

પીઆઈ એચ.આર. ગોસ્વામી એલઆઈબીમાંથી સોમનાથ મંદિર સુરક્ષા પીઆઈ આ.એ. ભોજાણી સોમનાથ મંદિરથી કોડીનાર પોલીસ સ્ટેશન પીઆઈ એસ.પી. ગોહિલ પ્રભાસ-પાટણથી એલઆઈબી શાખા બદલીઓ કરાઈ છે. પ્રભાસ-પાટણનાં પોલીસ ઈન્સ.ની એલઆઈબીમાં બદલી થતા તેમને સ્થાને કોડીનાર પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. મકવાણા નિયુકત થયા છે. વર્ષ ૨૦૧૦ પલીસ સીધી ભરતીથી પીઆઈ બની પ્રોબેશન પીરીયડ ગાંધીધામ-કચ્છ, અંજાર, દુધઈ, જીલ્લા ટ્રાફીક, કંડલા ઈમીગ્રેશન બ્રાંન્ચ સહિત ઈન્સ્પેકટરથી કોડીનાર નિમણુંક પામ્યા છે. તા.૮-૧૧-૮૪નાં અમદાવાદ ખાતે જન્મેલા તેઓએ જીલ્લા પોલીસ વડા તથા જીલ્લા પોલીસની બ્રાન્ચો સાથે મળી ચકચારી જંત્રાખડી બાલિકા હત્યા ડીટેકટ ૨૫ દિવસનાં ટુંકા ગાળામાં ચાર્જશીટ કોર્ટમાં રજુ કર્યુ. કોડીનાર શાપુરજી પાલનજી પોર્ટમાં રૂપીયા પાંચ લાખ પચીસ હજારની મશીનરીઓની થયેલ ચોરીની સો ટકા રીકવરી કરી ગુનો ઉકેલ્યો હતો. અંજાર ખાતે પીજીવીસીએલનાં સાડા પાંચ લાખ રૂપીયાનાં ત્રાંબાનાં વાયરોની ચોરીનાં આરોપીઓને ઝડપી મુદામાલ ૧૦૦ ટકા રીકવરી કરી હતી. તેવી જ રીતે અંજાર ખાતે ૧૭ બાઈક ચોરીનાં આરોપીને ઝડપવા સહિતનાં વિવિધ ગુજરાત પોલીસની ગૌરવવંતી યશસ્વી કામગીરી જીલ્લા પોલીસ વડા માર્ગદર્શન હેઠળ સફળતાપુર્વક બજાવી હતી. સોમનાથ-પ્રભાસ-પાટણ ખાતે પોલીસ સ્ટેશન ઈન્સ્પેકટર તરીકે તેમની નિમણુંક કરાઈ છે.

# ખંભાળિયા નજીકના બેહ ગામે યુવાનની નિર્મમ હત્યા : બે શખ્સો સામે ફરિયાદ

## ચોરીના બનાવના મનદુઃખ સંદર્ભે બે બંધુઓએ યુવાનનું ઢીમ ઢાળી દીધું




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા તાલુકાના બેહ ગામે શનિવારે સાંજે એક ગઢવી યુવાન ઉપર જૂની બાબતનું મન દુઃખ રાખીને બે શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા પ્રકરણમાં ગઈકાલે રવિવારે સવારે યુવાને અંતિમ શ્વાસ ખેંચતા હુમલાનો આ બનાવ હત્યામાં પલટાયો હતો. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયાથી આશરે ૩૦ કિલોમીટર દૂર બેહ ગામથી આસોટા ગામ તરફ જતા રસ્તે નારણ પબુભાઈ વરજાંગવારા નામનો ૨૨ વર્ષનો ગઢવી યુવાન શનિવારે સાંજે આશરે સાડા સાતેક વાગ્યાના સમયે જઈ રહ્યો હતો, ત્યારે આ યુવાનને માર્ગમાં અટકાવી અને બેહ ગામના થારીયા ભાયા ગઢવી નામના શખ્સે લોખંડના પાઈપ પડે તથા રણમલ ભાયા ગઢવીએ લાકડી વડે હુમલો કર્યો હતો. આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા નારણ પબુ ગઢવીને ખંભાળિયાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી તેને વધુ સારવારની આવશ્યકતા જણાતા અમદાવાદ લઈ જતા પૂર્વે રાજકોટ નજીક રવિવારે સવારે તેણે અંતિમ શ્વાસ ખેંચ્યા હતા. આજથી આશરે એક વર્ષા પૂર્વે આરોપીઓના રહેણાંક મકાનમાં રોકડરકમની ચોરી થયેલી હોય, જે અંગેના આક્ષેપો વચ્ચે આ બનાવ બન્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈ સાજાભાઈ ડાવાભાઈ વારજાંગવારા(ઉ.વ.૨૯, રહે. બેહ)ની ફરીયાદ ઉપરથી ખંભાળિયા પોલીસે થારીયા ભાયા અને રણમલ ભાયા સામે મનુષ્યવધની કલમ ૩૦૨ તથા ૧૧૪ અને જી.પી. એકટની કલમ મુજબ ગુનો નોંધી, ગતરાત્રે બંને શખ્સોની ધરપકડ કરી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ તથા પી.આઈ.ડી.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ આગળની તપાસ પી.એસ.આઈ. એન.એચ. જોશી દ્વારા હાથ ધરવામાં આવી છે.

#### કેન્દ્ર સરકારની કુલ ૧૩ સ્થળો ઉપર ઉતરી પસંદગી

# દ્વારકા જિલ્લામાં ત્રણ દિવાદાંડીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે : દ્વારકાને કેન્દ્ર સરકારની વધુ એક ભેટ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

કેન્દ્ર સરકારે પસંદ કરેલી ૧૩ પૈકી દ્વારકા જિલ્લાની ૩ દિવાદાંડીનો પર્યટન સ્થળ તરીકે વિકાસ કરાશે. જેની જાહેરાત કરતા આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. હાલમાં કેન્દ્ર સરકારના જળ મંત્રાલય દ્વારા રાજ્યમાં ૧૩ સ્થળોએ જુની દિવાદાંડીને દરિયા કાંઠાના સ્થળોએ કરોડોના ખર્ચે પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવા આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમની રજૂઆત તથા પ્રયાસોથી ૧૩ મંજુર થયેલી દિવાદાંડી પ્રવાસન સ્થળોમાં પણ દ્વારકા જિલ્લાના સ્થળોનો સમાવેશ થયો છે. જેથી દ્વારકા જિલ્લામાં પણ પ્રવાસન સ્થળોનો વિકાસ થશે. ઓખાના દરિયા કાંઠે આવેલા શામિયાણી દિવાદાંડી, ઓખા દિવાદાંડી તથા કચ્છીગઢ (શિવરાજપુર) દિવાદાંડીનો સમાવેશ થયો છે. બે ઓખાની તથા એક શિવરાજપુર એમ ત્રણ દિવાદાંડીનો પ્રવાસન સ્થળો તરીકે વિકાસ થશે. દ્વારકા જિલ્લાના આ ત્રણ દિવાદાંડી સ્થળો જોઈએ તો ઓખા પાસેની શામિયાણી દિવાદાંડી આશરે સો વર્ષથી જુની દિવાદાંડી છે. જેને કેન્દ્ર સરકાર દ્વારા ૭૫ વર્ષ પછી રીનોવેશન કરવામાં આવી હતી. ઓખા દિવાદાંડીને પણ આધુનિકરણ કરવામાં આવેલું તથા અનેક સિસ્ટમો પણ તેમાં નાખવામાં આવી છે તથા નજીકમાંથી પસાર થતા વહાણોનો રેકોર્ડ ઓળખ મળે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. કચ્છીગઢ દિવાદાંડી જે જુના નામથી ઓળખાય છે તે હાલના બ્લુફ્લેગ આંતરરાષ્ટ્રીય સ્થળ શિવરાજપુર બીચમાં આવેલી છે. ત્યાં અગાઉ ગેસની ચાલતી દિવાદાંડી હતી. જુના રાજાશાહી સમયમાં ત્યાંથી પસાર થતાં વહાણોને કંઈ પરેશાન ના થાય તે માટે ત્યાં ગઢ જેવું બનાવીને પોલીસ ચોકી રાખવામાં આવી હતી. જેમાં ફરજના પોલીસ કામ કરતા હોય કચ્છીગઢ દિવાદાંડીનું નામ પડ્યું છે તે આજનું શિવરાજપુર છે. અગાઉ દિવાદાંડીની ફ્લેશ કેટલા સમયમાં નીકળે છે તેના પ્રકાશ પરથી અરબી સમુદ્રમાં નીકળતા વહાણચાલકોને તેઓ ક્યા સ્થળે પહોંચ્યા તે ખબર પડે તથા કાંઠા પાસે ભટકાઈ ના જાય તે માટે દિવાદાંડી માર્ગદર્શનનું કામ કરતી હતી. દરેક દિવાદાંડીની ફ્લેશ લાઈટો આજે પણ અલગ અલગ સમયમાં રાત્રે ફ્લેશ કરેછે તો દિવાદાંડીના આકાર પણ અલગ અલગ ગોળ, ચોરસ, લંબગોળ, ચતુષ્કોણ, સષ્ટકોણ જેવા હોય છે તે તેની અલગ ઓળખ બતાવે છે. અગાઉ માત્ર સ્થળની ઓળખ આપતી દિવાદાંડી હવે તો અનેક ચેકીંગ સિસ્ટમો સાથે આઠ જેટલી યાંત્રિક પદ્ધતિઓ સાથે જાણકારી આપે છે, ત્યારે અગાઉ દ્વારકા દિવાદાંડીના વિકાસ કાર્ય મંજુર થઈ ગયેલા જે હાલ ચાલુ છે ત્યારે વધુ ત્રણ દિવાદાંડીનો પર્યટન સ્થળ તરીકે વિકાસ જાહેર થતાં લોકોમાં આનંદ ફેલાયો છે, તો કેન્દ્ર સરકારના આ નિર્ણયને સાંસદ પૂનમબેન માડમ તથા રાજ્યના પ્રવાસી મંત્રી મૂળુભાઈ બેરા દ્વારા પણ આવકારદાયક ગણાવાયો છે.

# માંગરોળ ખાતે એકતા ફાઉન્ડેશન દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, ૧૧૧ રકતદાતાઓએ રકતદાન કર્યુ




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળના બસસ્ટેશન પાસે આવેલા ઘાંચી સ્વંય સેવક સંઘ ખાતે એકતા ફાઉન્ડેશન અને શ્રી રામ બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માંગરોળના રાજકિય, સામાજિક આગેવાનો દ્વારા રીબીન કાપી ખુલ્લો મુકાયો હતો. આ કેમ્પમાં બૈતુલમાલ પ્રમુખ હનીફભાઈ પટેલ, ઘાંચી સમાજના પ્રમુખ મુફતી હનીફ જડા, પાલિકા પ્રમુખ મોહમદ હુસેન ઝાલા, નગર સ્વર રમેશ ભાઈ જોશી, ડો. ઈરફાન ગુજરાતી, મનીષભાઈ ગોહેલ લીનેશભાઈ, મેરામણભાઈ યાદવ, નરેશભાઈ ગૌસ્વમી તેમજ સામાજિક આગેવાનો, હિન્દૂ-મુસ્લિમ ધર્મગુરૂઓ, તમામ જ્ઞાતિના વડાઓ, પત્રકારો સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ૧૧૧ જેટલા રક્તદાતાઓ એ રકતદાન કર્યું હતું. એકતા ફાઉન્ડેશન દ્વારા લોકોને લાભ મળે તેવી વિવિધ કામગીરી કરવામાં આવે છે તેમજ શ્રી રામ બ્લડ બેંક દ્વારા જયારે પણ કોઈને રકતની જરૂરિયાત પડે અથવા બ્લડ કેન્સર, થેલેસેમિયા ગ્રસ્ત લોકોને ત્યારે કોઈપણ બ્લડ જમા કરાવ્યા વિના રકત આપવામાં આવે છે.

કેમ્પને સફળ બનવવા એકતા ફાઉન્ડેશનના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વેલેન્ટાઈન ડે તો ભારતીય સંસ્કૃતિનો ભાગ છે તો તેનો વિરોધ શા માટે તેવો પ્રશ્ન બુદ્ધિજીવીઓમાં ઉભો થતો જોવા મળે છે !



ભારતીય સંસ્કૃતિમાં પણ વસંતપંચમીના દિવસને વેલેન્ટાઈન ડેની માફક લગ્નના શુભ મુહુર્ત માટેનો દિવસ અને કોઈપણ સમયનાં કોઈપણ ચોઘડિયાને લગ્ન માટેનું શુભ મુહુર્ત ગણી લગ્ન કરવાની આપણી પૌરાણિક સંસ્કુતિ છે. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણને માતાશ્રી રૂક્ષ્મણીજીએ સૃષ્ટિનો પ્રથમ પ્રેમપત્ર લખી જાહેરમાં પ્રેમનો કરેલ એકરાર અને સ્વીકારનાં કારણે તે ભગવાન શ્રી કૃષ્ણને પામ્યા છે તે શાસ્ત્રોક્ત પ્રમાણ છે.

જ્યારે બીજી બાજુ આજ પ્રમાણે શ્રી રાધિકાજી એ ભગવાન શ્રી કૃષ્ણને પ્રેમ કર્યો પણ જાહેરમાં એકરાર કે સ્વીકારના કર્યો પરિણામે ભગવાન શ્રી કૃષ્ણને આજીવન ફકત રાસલીલામાં પામ્યા તે પણ શાસ્ત્રોક્ત પ્રમાણ છે. ત્યારે ફકત જાહેરમાં પ્રેમનો એકરાર અને સ્વીકાર કરનાર શ્રી રૂકશમણીજી ભગવાન શ્રી કૃષ્ણને પામ્યા છે તે સત્ય અને શાસ્ત્રોક્ત સત્ય છે તો પછી વેલેન્ટાઈનડેનો વિરોધ શા માટે? ત્યારે શું જે દિવસે શ્રી રૂક્ષમણીજી એ ભગવાન શ્રી કૃષ્ણને પ્રથમ પ્રેમ પત્ર લખ્યો તે દિવસ સૃષ્ટિનો પ્રથમ વેલેન્ટાઈન ડે શું ના ગણાય તેવો પ્રશ્ન કેમ કોઈ ઉઠાવતા નથી અને તે દિવસને ભારતનો વેલેન્ટાઈન દિવસ જાહેર કરવાની માંગ કેમ ઉઠાવવામાં આવતી નથી. હકિકતમાં આપણા દેશની વસુદેવમ્ કુટુંબમ્‌ની ભાવનાના કારણે આ દિવસની ઉજવણીની જરૂરિયાત આપણા સમાજને જરૂરીના જણાતા તે લુપ્ત થતી જાય છે અને વિભક્તમ્ કુટુંબમ્‌ની રચના થવા લાગી છે. જ્યારે વેસ્ટર્ન કન્ટ્રીના દેશો આજ દિવસે દિવસે આધુનિક બનતા બનતા સંયુક્ત કુટુંબની ભાવનામાંથી વિભક્ત કુટુંબ બનતા બનતા આજ તે પરિસ્થિતિ ઉપર પહોંચ્યા છે કે તેમના માટે હવે પોતાના કુટુંબીજનો અને સ્વજનોને પોતે પ્રેમ કરે છે તેવું દર્શાવવા માટે અત્યારે વેલેન્ટાઈન ડે ઉજવવો પડે છે. જ્યારે આજ પરિસ્થિતીની અસર ધીરે ધીરે ઈસ્ટ કન્ટ્રીના દેશોમાં થવા લાગતા આજ આ વેલેૃટાઈન ડેની ઉજવણી હવે અહી થવા લાગેલ છે પરંતુ સ્વરૂપ અને હેતુઓ અલગ છે. પરંતુ વેસ્ટર્નના દેશો જેમ ખુલ્લા દિલે જે વસ્તુનો જાહેરમાં સ્વીકાર કરે છે. તેનો પૂર્વના દેશો ખાનગીમાં કરી રહ્યા છે અને જાહેરમાં કરવા જાય તેનો ખાનગીમાં સ્વીકાર કરતો આ સમાજ જ જાહેરમાં વિરોધ કરી રહ્યો છે. જે પણ આપણા સમાજની એક સ્વીકારવા જેવી સત્ય હકીકત છે. ત્યારે હવે દેશમાં છેલ્લા થોડા વર્ષોથી વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવી અને ના કરવી ના સપોર્ટ અને વિરોધ વચ્ચે પણ તેમાં ઉજવણી કરનારાઓ ની સંખ્યા દર વર્ષે વધી રહેલ હોય તેમ પહેલા જે આ કલ્ચર મેટ્રો સિટીમાં ચાલુ થયેલ તે ધીરે ધીરે અર્બન સિટી સુધી પહોંચ્યા બાદ આજ હવ રૂરલ એરિયા માં પણ પહોંચી ગયું છે. જેમાં સાચા પ્રેમ અને તેના સ્વીકારનાં બદલે તેને આધાર બનાવી મોટું આર્થિક માર્કેટ મેળવનારા હોટલ રેસ્ટોરન્ટ, ગિફટ શોપ, ફલાવર શોપ, રેડી મેડ કલોથ શોપનો પણ બહુ મોટો ફાળો રહેલો છે.

ત્યારે આ દિવસ છેલ્લા ઘણા વર્ષોથી વિચારકો અને આલોચકો વચ્ચે એક દિવસનો ટીવીની ચેનલો માટે સાચા ખોટા તર્કો લગાવી કમાણીનું સાધન બન્યો હોવાનું પણ નકારી શકાતું નથી. કારણ કે દર વર્ષે ઈલેક્ટ્રોનિક મીડિયાની ન્યુઝ ચેનલો માટેનો આગાઉનો એકદિવસપત્રકારોને જ્યાં ત્યાં દોડાવી વેલેન્ટાઈન ડેની ઉજવણીના ગોઠવાતા પોગ્રામો અંગે અને તેનો વિરોધ કરનારાઓની યાદી બનાવી સંપર્ક કરી આ દિવસની કરાતી ઉજવણી અને તેના કરતા વિરોધનાં લાઈવ કવરેજ સિવાયના કોઈ પણ જરૂરી ન્યુઝને પણ કવરેજ આપવામાં આવતું નથી કે મળતું નથી અને ટી.આર.પી. મેળવવાનું એક સાધન બની ગયેલછે. જે બીજા દિવસે પાછું ભુલાઈ પણ જાય છે અને જે ફરી ૩૬૪ દિવસ બાદ યાદ આવે છે. જેને અત્યારની અત્યાધુનિક ટેકનોલોજીના યુગમાં ફકત અને ફકત વર્ચ્યુઅલ અને પર્શેપશન(આભાષિ) ઉભી કરવામાં આવતી ખોટી તથા સત્ય જણાતી હકીકત ફકત કહી શકાય અન્ય કાઈ નથી. ત્યારે આ અંગે હવે આ પ્રશ્નને સંસ્કૃતિનાં નામે ચર્ચાસ્પદ બનાવવાના બદલે કાયદાનું સ્વરૂપ આપવાની માંગણી કરનારા બુદ્ધિજીવીઓ દર્શાવે છે કે વેલેન્ટાઈન ડેની શરૂઆત તો ભારતીય સંસ્કૃતિથી થયેલ છે ત્યારે તેની ઉજવણીનો વિરોધ શા માટે ?

**લેખન : સુરેશચંદ્ર એમ. ધોકાઈ**

# રેડિયો -આપણી રૂપેરી યાદ



૧૩મી ફેબ્રુઆરી એટલે વિશ્વ રેડિયો દિવસ. મેક્રોની આપણા બાળકોને અભ્યાસમાં રેડિયો શોધક તરીકે આ નામ જરૂર ખબર હશે પણ રેડિયો શું ચીજ હતું એ આપણે અથવા આપણા માતા-પિતા સુંદર રીતે સમજાવી શકે. ૭૦ અને ૮૦ ના દાયકામાં રેડિયો ઘરમાં હોવો એ પણ એક શાન હતી. આજે ઘણા ઘરોમાં માળીયા ઉપર મરફી કંપનીના મોટી સાઈઝના રેડિયો સચવાયેલા પડ્યા જ હશે જે વડીલોએ ભંગારમાં નહીં આપ્યા હોય. ટેકનોલોજીની હરણફાળ પ્રગતિ ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા સુધી ફેલાઈ ચૂકી છે પરંતુ ભારત જ્યારે પ્રથમ વર્લ્ડ કપ ક્રિકેટમાં જીતેલું ત્યારે એ આનંદ મોટાભાગના ભારતીયોએ રેડિયો કોમેન્ટ્રી થકી જ માણેલો. ભલે ત્યારે ટેલિવિઝનનું અસ્તિત્વ હતું પરંતુ દ્રશ્યો સાફ નહોતા જોઈ શકાતા. રેડિયો ઉપર 'બીનાકા ગીત માલા' અને અમીન સાયાની નો બ્રાન્ડેડ અવાજ યાદગાર બનેલો. વિવિધ ભારતી, આકાશવાણી રાજકોટ વગેરે સ્ટેશન ઉપર કાર્યક્રમ સાંભળવાની મજા આજની ટીવી સીરીયલ જોઈને આવતી મજા કરતા ક્યાંય વધારે હતી. સાંજ પડ્યે 'રેવાબેન નો ઘર સંસાર' કાર્યક્રમ સાંભળવા આખું એક કુટુંબ જમીને ગોળ કુંડાળું થઈને વચ્ચે રેડિયો મૂકીને સજ્જ થઈ જતું. ટોકીઝમાં પોતે જોયેલી ફિલ્મોના ગીત રેડિયોમાં સાંભળવાની મોજ પણ કંઈ અલગ હતી. આપકી ફરમાઈશ કાર્યક્રમ ઉપર ફિલ્મોના ગીતો સાંભળવા અને ગણગણવાનું ૭૦ ના દાયકા ની પેઢીને સારી રીતે યાદ હશે. રેડિયો શોધક મેક્રોનીએ સમગ્ર દુનિયાને આ અમૂલ્ય ભેટ આપી ત્યારબાદ અનેક રેડિયો સ્ટેશન અસ્તિત્વમાં આવ્યા. ૧૯૨૩થી ભારતમાં રેડિયો સ્ટેશનની સ્થાપનાઓ થઈ અને મનોરંજનનું આશ્રાવ્ય સાધન ખૂબ જ લોકપ્રિય બન્યું. દરેક ઘરમાં રેડિયો અગત્યનું સ્થાન મેળવી ચૂક્યો. ૨૦૧૨ની સાલથી ૧૩ ફેબ્રુઆરીના દિવસે રેડિયો દિવસ ઉજવવાનું શરૂ થયું. એક જમાનામાં વૈભવનું સાધન ગણાતું રેડિયો કર્મચારીઓ કામના સ્થળે પણ પોતાની સાથે લઈ જતાં. ઝાડ નીચે ભેગા થયેલા પુરૂષો વચ્ચે એક રેડિયો કાન દઈને સાંભળતાં ટોળાં બપોરના સમયે જોવા મળતા. સ્ત્રીઓ પણ રોજિંદા કામ કરતા કરતા રેડિયો સાંભળતી. આઝાદીના ૭૫ વર્ષ પછી આપણી પેઢી રેડિયોના આનંદથી અજાણ ભલે હોય પરંતુ રેડિયો નો પરિચય અવશ્ય આપીએ. માત્ર પાઠ્યપુસ્તક ના ચિત્ર માં રેડિયો જોવા કરતાં શક્ય હોય તો પ્રત્યક્ષ રેડિયો પણ બતાવીએ. પ્રધાનમંત્રી મોદીએ રેડિયો ઉપર 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા જાણે રેડિયોને સ્ટોર રૂમમાંથી પાછો બહાર કાઢ્યો હોય એવું જણાય છે. જો કે આ કાર્યક્રમ પણ મોટાભાગના મોબાઈલ અને ટીવીમાં જ જોતા હોય છે.

**લેખક : આદર્શ પત્રકાર, ઓખા પોર્ટ**

